


નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 153
Dt.: 09-04-2026,
Thursday
Page:04
Rs.00.50 paisa


### હોર્મુઝ જળમાર્ગ પર નિર્ણય લેવાશે

# અમેરિકા-ઈરાન બે અઠવાડિયાના યુદ્ધવિરામ માટે સહમત થયાં

**ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ પર એક પોસ્ટ શેર કરતા કહ્યું કે હું બે અઠવાડિયા માટે ઈરાન પર બોમ્બવર્ષા અને હુમલાઓને સ્થગિત કરવા માટે સહમત છું**

(સંપૂર્ણ સમાચાર સેવા)વૉશિંગ્ટન

અમેરિકા મંગળવારે કઈક એવું કરશે જે કોઈએ વિચાર્યું પણ નહીં હોય...બસ આ ડરના કારણે આખા વિશ્વના શ્વાસ અદ્ધર થઈ ગયા હતા. પરંતુ અચાનક સમાચાર આવ્યા જેમાં અમેરિકાના રાષ્ટ્રપતિએ હાલ સૈન્ય કાર્યવાહી રોકવાની જાહેરાત કરી દીધી જેનાથી કૂટનીતિ માટે સંભવિત રસ્તો ખુલતો જોવા મળી રહ્યો છે. ઈરાન અને અમેરિકા તથા ઈઝરાયેલ ત્રણેય દેશો સીઝફાયર માટે સહમત થઈ ગયા છે. આ સીઝફાયર બે અઠવાડિયા માટે લાગૂ રહેશે અને આગળની વાતચીત પાકિસ્તાનમાં થશે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ પર એક પોસ્ટ શેર કરતા કહ્યું કે હું બે અઠવાડિયા માટે ઈરાન પર બોમ્બવર્ષા અને હુમલાઓને સ્થગિત કરવા માટે સહમત છું. તેમણે કહ્યું કે આ નિર્ણય પાકિસ્તાનના પ્રધાનમંત્રી શહબાજ શરીફ અને સેના પ્રમુખ આસિમ મુનીર સાથે વાતચીત બાદ લેવામાં આવ્યો. જેમણે પ્રસ્તાવિત હુમલાઓને ટાળવાની અપીલ કરી હતી. ટ્રમ્પે એ પણ સ્પષ્ટ કર્યુ કે આ રોક શરતી છે. ઈરાને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ફરીથી ખોલવું પડશે, આ પગલું તેમણે તણાવ ઘટાડવા માટે જરૂરી પગલું ગણાવ્યું. તેમણે પોસ્ટમાં લખ્યું કે આ બેતરફી યુદ્ધવિરામ હશે. એટલે કે આ બે અઠવાડિયાના સમયમાં બંને પક્ષો પીછેહટ કરે તેવી આશા વ્યક્ત થઈ રહી છે. ટ્રમ્પે એવો પણ દાવો કર્યો કે સૈન્ય લક્ષ્ય પહેલેથી હાંસલ થઈ ચૂક્યું છે અને ઈરાન સાથે વાતચીત હવે નિર્ણાયક વળાંક નજીક છે.

તેમણે એવો પણ ખુલાસો કર્યો કે અમેરિકાને ઈરાન તરફથી ૧૦ પોઈન્ટનો પ્રસ્તાવ મળ્યો છે. જેને તેમણે વાતચીત માટે એક વ્યવહારિક આધાર ગણાવ્યો. ટ્રમ્પના જણાવ્યાં મુજબ મોટાભાગના મુદ્દાઓ પર સહમતિ બની ચૂકી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે આ બે અઠવાડિયાનું યુદ્ધવિરામ બંને પક્ષોને સમજૂતિને અંતિમ સ્વરૂપ આપવાની તક આપશે અને સંકેત આપ્યો કે લાંબા સમયથી ચાલી રહેલો આ સંઘર્ષ હવે સમાધાનની નજીક હોઈ શકે છે. નોંધનીય છે કે ટ્રમ્પની આ જાહેરાત ડેડલાઈન પહેલા આવી જેમાં ટ્રમ્પે ધમકી આપેલી હતી કે ઈરાનની આખી સભ્યતા ખતમ થઈ જશે. ટ્રમ્પના આ નિવેદનને પરમાણુ હુમલાની ધમકી તરીકે જોવામાં આવી રહ્યું હતું. આ નિવેદનની અમેરિકામાં પણ ખુબ ટીકા થઈ. પરંતુ અચાનક બદલાયેલી આ સ્થિતિથી દુનિયામાં રાહત થઈ છે. પરંતુ હવે જોવાનું એ રહેશે કે પાકિસ્તાનમાં થનારી વાતચીત કેવી રીતે આગળ વધે છે અને અમેરિકા-ઈરાન કઈ વાતો પર સહમત થાય છે. ઈરાન સાથે સીઝફાયરની જાહેરાત પર વ્હાઈટ હાઉસનું પણ નિવેદન આવ્યું છે. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે કહ્યું કે વાતચીત ચાલુ રહેશે. લેવિટે કહ્યું કે પ્રેસિડેન્ટ ટ્રમ્પનું આ નિવેદન જ આગળની દિશા નક્કી કરશે. વાતચીતનો આધાર શું રહેશે તે રાષ્ટ્રપતિના વલણથી નક્કી થશે. લેવિટે કહ્યું કે સત્ય એ છે કે અમારા રાષ્ટ્રપતિ અને અમારી પાવરફૂલ સેનાએ ઈરાનને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ખોલવા માટે રાજી કર્યા છે અને આગળની વાતચીત ચાલુ રહેશે. ઈરાનના વિદેશમંત્રી સૈયદ અબ્બાસ અરાઘચીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક નિવેદન બહાર પાડ્યું જેમાં કહ્યું કે ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન તરફથી હું અમારા વ્હાલા ભાઈઓ, પાકિસ્તાનના પ્રધાનમંત્રી શહબાજ શરીફ અને ફિલ્ડ માર્શલ મુનીરને આ વિસ્તારમાં યુદ્ધને સમાપ્ત કરવા માટે તેમના અથાગ પ્રયત્નો બદલ આભાર વ્યક્ત કરું છું.

### કંપનીઓ ભાવ વધારવાની તૈયારીમાં

# મિડલ ઈસ્ટમાં યુદ્ધની અસર, સાબુ-તેલથી લઈને ઢગલો વસ્તુઓ થશે મોંઘી!

**FMCG અને કન્ઝ્યૂમર ડ્યૂરેબલ બનાવતી કંપનીઓ ભાવમાં વધારો કરવાનું વિચારી રહી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈરાન અને ઈઝરાયેલ અમેરિકા વચ્ચે ચાલી રહેલું યુદ્ધ એવી સ્થિતિએ પહોંચી ગયું છે કે તેના કારણે માત્ર આ દેશો જ નહીં પરંતુ ખાડી દેશો અને તે સિવાય પણ વિશ્વના અનેક દેશો પડકારો ઝેલી રહ્યા છે. ઘણા દેશોમાં એનર્જી સંકટ અને બીજી સમસ્યાઓ ઊભી થઈ રહી છે જેમાં ભારત પણ બાકાત નથી. ઈરાન યુદ્ધને એક મહિનાથી પણ વધુ સમય વીતી ગયો છે. હાલ તેનો જલદી અંત આવે તેવા પણ કોઈ સંકેત નથી. ત્યારે તેની અસર હવે ધીરે ધીરે તમારા ખિસ્સા સુધી પહોંચી શકે છે. FMCG અને કન્ઝ્યૂમર ડ્યૂરેબલ્સ બનાવતી કંપનીઓ ભાવમાં વધારો કરવાનું વિચારી રહી હોવાનું સામે આવ્યું છે.

બિસ્કિટ, સાબુ, ખાવાનું તેલ વગેરેથી લઈને ઘરમાં વપરાતા પેઈન્ટ સુદ્ધા બધુ મોંઘુ થાય તેવા એંધાણ છે. ખાસ કરીને પેકેજિંગ અને પેટ્રોલિયમ સંબંધિત વસ્તુઓના ભાવ વધવાથી હવે FMCG (રોજબરોજમાં ઉપયોગમાં લેવાતો સામાન) અને કન્ઝ્યૂમર ડ્યૂરેબલ્સ (ટીવી, ફ્રિજ, જેવા સામાન) બનાવતી કંપનીઓ પણ ભાવમાં વધારો કરવાનું વિચારે છે. ટીઓઆઈના એક રિપોર્ટ મુજબ લાહોરી જીરા જેવી કેટલીક કંપનીઓએ તો મહિનાની શરૂઆતમાં કેટલાક પ્રોડક્ટના ભાવ પણ વધાર્યા છે. નુવામા ઈક્વિટીઝના એક રિપોર્ટ મુજબ એડિબલ ઓઈલ કંપનીઓએ પણ ભાવમાં ૪-૫ રૂપિયા પ્રતિ લીટરનો વધારો કર્યો છે. જ્યારે પામ ઓઈલ મોંઘુ થવાના કારણે બીકાજી, બ્રિટાનીયા અને નેસ્લે જેવી ફૂડ કંપનીઓ પણ આ ત્રિમાસિકમાં ભાવ વધારો કરી શકે છે. છેલ્લા સાત આઠ વર્ષથી પામ ઓઈલના ભાવ ક્રૂડ ઓઈલની સાથે જ ઉપર નીચે થતા રહ્યા છે. આવામાં પામ ઓઈલ મોંઘુ થવાથી HUL અને ગોદરેજ જેવી સાબુ બનાવતી કંપનીઓની પણ મુશ્કેલીઓ વધી શકે છે. કારણ કે પામ ઓઈલ તેમના માટે સૌથી જરૂરી કાચો માલ છે.

મીડિયા રિપોર્ટ મુજબ ઝાઈડસ વેલનેસના સીઈઓ તરુણ અરોડાનું કહેવું છે કે પશ્ચિમ એશિયામાં તણાવ જેટલો લાંબા સમય સુધી રહેશે, અલગ અલગ સામાનોના ભાવ વધવાની આશંકા પણ એટલી જ પ્રબળ બનશે. તેમણે જણાવ્યું કે કંપનીઓ તેને પહોંચી વળવા માટે નાના પેકેટોનું વજન ઓછું કરી શકે છે. એટલે કે ભાવ તો એ જ રહે પરંતુ સામાન ઘટશે. જ્યારે મોટા પેકેટોના ભાવ સીધી રીતે વધારવામાં આવી શકે છે.

**શું શું થઈ શકે મોંઘુ**

બિસ્કિટ, સાબુ, ઓઈલ અને પેઈન્ટ જેવી વસ્તુઓ મોંઘી થઈ શકે છે.

FMC અને કન્ઝ્યૂમર ડ્યૂરેબલ્સ કંપનીઓ ભાવ વધારવાની તૈયારીમાં છે.

એડિબલ ઓઈલના ભાવમાં ૪-૫ રૂપિયા પ્રતિ લિટરનો વધારો.

બીકાજી, બ્રિટાનીયા અને નેસ્લે આ ત્રિમાસિકમાં ભાવ વધારો કરી શકે છે.

HUL અને ગોદરેજ પણ સાબુના ભાવમાં વધારો કરવાની તૈયારીમાં.

**LPG આધારિત પ્લાન્ટ્સમાં ઉત્પાદન રોક્યું?**

રિપોર્ટમાં એવું પણ કહેવાયું છે કે દેશની અનેક પેકડ ફૂડ કંપનીઓએ જે એલપીજી પર નિર્ભર છે તેમણે તેમના પ્લાન્ટમાં ઉત્પાદન રોક્યું છે અથવા તો ઘટાડી દીધુ છે.

### હાઈકોર્ટે આપી રાહત

# દેશદ્રોહના કેસમાં રામપાલના જામીન મંજૂર, ૧૧ વર્ષ બાદ થશે જેલમુક્ત

**સતલોક આશ્રમમાં વહીવટીતંત્ર અને તેના સમર્થકો વચ્ચે થયેલી અથડામણ બાદ તેમની ધરપકડ કરવામાં આવી હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)ચંદીગઢ

પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે રાજદ્રોહના કેસમાં સ્વયંભૂ સંત રામપાલના જામીન મંજૂર કર્યા છે. રામપાલને લગભગ ૧૧ વર્ષ પછી મળેલી આ રાહતથી રામપાલના સમર્થકો ખૂબ જ ખુશ છે. સંત રામપાલ હાલમાં હરિયાણાની હિસાર જેલમાં બંધ છે. ૨૦૧૪માં હરિયાણાના બરવાલામાં સતલોક આશ્રમમાં વહીવટીતંત્ર અને તેના સમર્થકો વચ્ચે થયેલી મોટી અથડામણ બાદ તેમની ધરપકડ કરવામાં આવી હતી. આ અથડામણ દરમિયાન ૬ લોકોના મોત થઈ ગયા હતા અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા હતા. આ કેસ સાથે જોડાયેલા વિવિધ આરોપોમાં રામપાલ વિરુદ્ધ અનેક કેસ નોંધાયા હતા, જેમાં રાજદ્રોહનો કેસ પણ સામેલ હતો.

હાઈકોર્ટમાંથી જામીન મળવા છતાં સંત રામપાલની જેલમાંથી મુક્તિ અન્ય કેસોની કાનૂની સ્થિતિ પર નિર્ભર કરશે, કારણ કે તેમની સામે વિવિધ અદાલતોમાં અનેક કેસ પેન્ડિંગ છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે જામીનની શરતોનું પાલન કરવું તેમના માટે અનિવાર્ય હશે. સંત રામપાલ સતલોક આશ્રમના પ્રમુખ છે અને તેમના અનુયાયીઓ અનેક રાજ્યોમાં ફેલાયેલા છે. હાઈકોર્ટના આ નિર્ણય બાદ તેમના સમર્થકોમાં ખુશીનો માહોલ છે, બીજી તરફ વહીવટી સ્તર પર આગળની કાનૂની પ્રક્રિયા પર નજર રાખવામાં આવી રહી છે.

રામપાલ એક ભારતીય આધ્યાત્મિક ઉપદેશક અને સતલોક આશ્રમના સ્થાપક છે. તેમનો જન્મ ૧૯૫૧માં ભારતના હરિયાણામાં થયો હતો. ધાર્મિક નેતા બનતા પહેલા તેઓ સિંચાઈ વિભાગમાં જુનિયર એન્જિનિયર તરીકે કામ કરતા હતા. તેમણે ભગવદ ગીતા, કબીર સાગર અને અન્ય ધર્મગ્રંથોની વ્યાખ્યાઓના આધારે આધ્યાત્મિક ઉપદેશોનો પ્રચાર કરવાનું શરૂ કર્યું. તેઓ ૧૫મી સદીના સંત કબીરના ઉપદેશોનું પાલન અને પ્રચાર કરવાનો દાવો કરે છે. તેમના અનુયાયીઓ તેમને એક સંત (આધ્યાત્મિક ગુરુ) માને છે અને ભક્તિ અને મોક્ષ પ્રત્યેના તેમના દ્રષ્ટિકોણમાં વિશ્વાસ રાખે છે. ૨૦૦૬માં હરિયાણામાં રામપાલના અનુયાયીઓ અને અન્ય ધાર્મિક જૂથ વચ્ચે અથડામણ થઈ હતી, આ ઘટના બાદ તેઓ ચર્ચામાં આવ્યા હતા. ત્યારબાદ ૨૦૧૪માં હિસાર સ્થિત તેમના આશ્રમમાં પોલીસ સાથે હિંસક અથડામણમાં ૬ લોકોના મોત થઈ ગયા હતા. પોલીસને ત્યારે રામપાલને પકડવામાં ખૂબ મુશ્કેલી પડી હતી.

રામપાલ પર ગેરકાયદેસર કારાવાસ બનાવવો અને લોકો પર અત્યાચાર ગુજારવા જેવા અનેક ગંભીર આરોપો લાગ્યા છે, અને કેટલાક કિસ્સાઓમાં અદાલતોએ તેમની વિરુદ્ધ ચુકાદો આપ્યો છે. વિવાદો છતાં સમગ્ર ભારતમાં અને ખાસ કરીને ઉત્તરીય રાજ્યોમાં મોટી સંખ્યામાં તેમના અનુયાયીઓ છે. તેમનું સંગઠન આશ્રમ ચલાવે છે અને પુસ્તકો, ટીવી ચેનલો અને ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા ઉપદેશોનો પ્રસાર કરે છે.

# સાઉદી-કતાર અને કુવૈતથી લઈને UAE કેમ ટેન્શનમાં

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મધ્ય પૂર્વમાં યુદ્ધ વિરામની જાહેરાત માત્ર કાગળ પર જ હોય તેવું લાગી રહ્યું છે, કારણ કે જમીની સ્તરે સ્થિતિ હજુ પણ અત્યંત તણાવપૂર્ણ છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા સીઝફાયરની જાહેરાત કર્યાના ગણતરીના કલાકોમાં જ આખા ખાડી વિસ્તારમાં ખતરાની સાયરન ગુંજવા લાગી હતી. સાઉદી અરેબિયા, યુનાઈટેડ આરબ એમિરેટ્સ, કુવૈત અને કતાર જેવા દેશોમાં સુરક્ષા એજન્સીઓ અચાનક એક્શનમાં આવી ગઈ છે. ઈઝરાયલી સેનાએ દાવો કર્યો છે કે ઈરાન તરફથી મિસાઈલો છોડવામાં આવી છે, જેને રોકવા માટે ડિફેન્સ સિસ્ટમ સક્રિય કરી દેવામાં આવી છે.ખાડીના દેશોમાં સ્થિતિ એટલી નાજુક છે કે કુવૈત અને યુનાઈટેડ આરબ એમિરેટ્સે તેમના એર ડિફેન્સ સિસ્ટમ દ્વારા દુશ્મનના ડ્રોન અને મિસાઈલ હુમલાઓને હવામાં જ તોડી પાડ્યા હોવાની પુષ્ટિ કરી છે. બહેરીનમાં પણ લોકોને તાત્કાલિક સુરક્ષિત સ્થળોએ ખસી જવા અપીલ કરવામાં આવી છે. સાઉદી અરેબિયાની રાજધાની રિયાધ સહિતના પૂર્વી વિસ્તારોમાં ચેતવણી જાહેર કરાતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. ખાસ કરીને કતાર સરકારે સુરક્ષાના ખતરાને 'હાઈ લેવલ' ગણાવીને તેના નાગરિકોને ઘરોમાં જ રહેવાની કડક સલાહ આપી છે. આ ઘટનાક્રમ સૂચવે છે કે ભલે સીઝફાયરની વાત ચાલતી હોય, પણ ખતરો હજુ ટળ્યો નથી.આ સમગ્ર વિવાદનું મુખ્ય કેન્દ્ર હજુ પણ હોર્મુઝ સ્ટ્રેટ જ છે.

### કેન્દ્ર સરકારે લીધો સૌથી મોટો નિર્ણય

# ઈન્ડસ્ટ્રીમાં પણ LPG સપ્લાયની છૂટ અપાઈ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈરાન-અમેરિકા વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે સમગ્ર દેશમાં પેટ્રોલ-ડીઝલ અને ગેસને લઈને સમસ્યાઓ ચાલી રહી છે. ત્યારે ૧૪ દિવસ માટે યુદ્ધ રોકાયું છે, તેવા સમયે ગુજરાતમાં લાખો લોકો માટે LPGને લઈ મળ્યા રાહતના સમાચાર મળ્યા છે. કેન્દ્ર સરકારે હાલ એક મોટો નિર્ણય લીધો છે. ઈન્ડસ્ટ્રીમાં પણ LPG સપ્લાયની છૂટ અપાઈ છે. આ સિવાય ફાર્મા, ફૂડ, હેવી મેટલ, એગ્રિકલ્ચર સહિતની ઈન્ડસ્ટ્રીઝમાં જરૂરી સપ્લાય આપવા સૂચના અપાઈ છે. કેન્દ્ર સરકારે દિવસની ૦.૨ ટીએમટી એલપીજી ગેસ આપવા છૂટ આપવામાં આવી છે. કેન્દ્રીય પેટ્રોલિયમ સચિવે તમામ રાજ્યોને પત્ર લખી જાણ કરી દીધી છે. આ સાથે જ ગુજરાતમાં સિરામિક, ડેરી સહિત અનેક ઉદ્યોગોને લાભ થશે.

ગુજરાત સહિત દેશભરના ઉદ્યોગો માટે કેન્દ્ર સરકાર તરફથી દિવાળી જેવો માહોલ સર્જાયો છે. લાંબા સમયની રાહ જોયા બાદ, કેન્દ્ર સરકારે એલપીજી (LPG) સપ્લાયને લઈ અત્યાર સુધીનો સૌથી મોટો નિર્ણય લીધો છે. હવેથી વિવિધ ઔદ્યોગિક ક્ષેત્રોમાં પણ એલપીજી ગેસના સપ્લાય માટે સરકારે લીલી ઝંડી આપી દીધી છે. કેન્દ્રીય પેટ્રોલિયમ સચિવે આ બાબતે તમામ રાજ્યોને સત્તાવાર પત્ર લખીને જાણ કરી છે.

સરકારની નવી સૂચના મુજબ ફાર્માસ્યુટિકલ (દવા ઉદ્યોગ), ફૂડ પ્રોસેસિંગ, હેવી મેટલ (ભારે ધાતુ ઉદ્યોગ) અને એગ્રિકલ્ચર (ખેતી આધારિત ઉદ્યોગો) જેવા સેક્ટર્સમાં જરૂરી સપ્લાય પૂરો પાડવામાં આવશે. સરકારે આ નિર્ણય અંતર્ગત હવે દરરોજની ૦.૨ ટીએમટી (TMT) એલપીજી ગેસ આપવાની છૂટ આપી છે. આ પગલાથી ઈન્ડસ્ટ્રીમાં ઈંધણની અછત દૂર થશે અને ઉત્પાદન પ્રક્રિયામાં ગતિ આવશે. ખાસ કરીને એવા ઉદ્યોગો કે જેઓ ક્લીન એનર્જી તરીકે ગેસ પર નિર્ભર છે, તેમના માટે આ સંજીવની સમાન સાબિત થશે.

આ નિર્ણયની સૌથી સકારાત્મક અસર ગુજરાત પર જોવા મળશે. ગુજરાતના મુખ્ય ઉદ્યોગો જેવા કે મોરબીનો સિરામિક ઉદ્યોગ જે ગેસના ભાવ અને સપ્લાય પર નિર્ભર છે, તેને આ નિર્ણયથી મોટી રાહત મળશે. એશિયાની સૌથી મોટી ડેરીઓ ગુજરાતમાં આવેલી છે, જ્યાં પ્રોસેસિંગ માટે ગેસની જરૂરિયાત રહે છે.

### સામાજિક દૂષણને ધાર્મિક પ્રથા ગણવામાં આવે તો કોર્ટ હસ્તક્ષેપ કરી શકે: SC

# કોઈપણ મહિલાને મહિનામાં ત્રણ દિવસ અછૂત ન માની શકાય: SC

**નવ ન્યાયાધીશોની બંધારણીય ખંડપીઠે વિવિધ ધર્મોમાં ધાર્મિક સ્થળોએ મહિલાઓ સાથેના ભેદભાવ સંબંધિત અરજીઓની સુનાવણી ચાલુ કરી હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશ પર પ્રતિબંધને મામલે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકારે ભારપૂર્વક જણાવ્યું હતું કે સબરીમાલા મંદિરમાં ૧૦થી ૫૦ વર્ષની વયની મહિલાઓના પ્રવેશ પર પ્રતિબંધનો મુદ્દો ધાર્મિક શ્રદ્ધા તેમજ સાંપ્રદાયિક સ્વાયત્તતાના ક્ષેત્રમાં આવે છે અને તે ન્યાયિક સમીક્ષાના દાયરાની બહાર છે.આ પ્રતિબંધને અસ્પૃશ્યતાનું એક સ્વરૂપ ગણાવતા ૨૦૧૮ના સુપ્રીમ કોર્ટના ચુકાદા સામે પણ કેન્દ્રે સખત વિરોધ કર્યો હતો. જોકે ન્યાયાધીશ નાગરત્ને કહ્યું કે કોઈ સ્ત્રીને મહિનામાં ત્રણ દિવસ માટે અસ્પૃશ્ય ગણવામાં આવે અને ચોથા દિવસથી અસ્પૃશ્યતા દૂર થઈ જાય તેવું માની શકાય નહીં.મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની



આગેવાની હેઠળની નવ ન્યાયાધીશોની બંધારણીય ખંડપીઠે વિવિધ ધર્મોમાં ધાર્મિક સ્થળોએ મહિલાઓ સાથેના ભેદભાવ સંબંધિત અરજીઓની સુનાવણી ચાલુ કરી હતી. કેરળમાં વિધાનસભા ચૂંટણીઓ પહેલા પહેલા આ સુનાવણીનું વિશેષ મહત્ત્વ છે. કેન્દ્ર વતી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે જો ધાર્મિક પ્રથાઓ જાહેર વ્યવસ્થા, નૈતિકતા અને સ્વાસ્થ્યનું ઉલ્લંઘન કરતી હોય તો અદાલતો હંમેશા હસ્તક્ષેપ કરી શકે છે. જો કોઈ પ્રથા અવૈજ્ઞાનિક લાગે છે, તો તેનો ઉકેલ સંસદ કે વિધાનસભા પાસે છે, કોર્ટ પાસે નહીં.સર્વોચ્ચ અદાલતે અવલોકન કર્યું હતું કે જો કોઈ સામાજિક દૂષણને ધાર્મિક પ્રથા તરીકે ઓળખવામાં આવે તો કોર્ટ તેની કાયદેસરતાની ચકાસણી કરી શકે છે.

મહેતાએ રજૂઆત કરી હતી કે તેમને ૨૦૧૮ના સબરીમાલા ચુકાદામાં એક અવલોકન સામે સખત વાંધો છે. જેમાં કહેવામાં આવ્યું હતું કે ૧૦થી ૫૦ વર્ષની વય જૂથની મહિલાઓને મંદિરમાંથી બાકાત રાખવી એ અસ્પૃશ્યતાનું એક સ્વરૂપ છે અને તે બંધારણની કલમ ૧૭નું ઉલ્લંઘન કરે છે.


**નામ-અટકમાં સુધારો**

ગુજરાત સરકાર ગેઝેટ ભાગ-૨
તારીખ ૧૭-૦૭-૨૦૨૫ (૨૩૦૪)

કેન્દ્રીય ગેઝેટ અને કેન્દ્રીય વિભાગના પૂરકના દરેક ભાગને અલગ પેજિંગ આપવામાં આવ્યું છે જેથી તેને અલગ સંકલન તરીકે ફાઇલ કરી શકાય છે.

સરકાર નોટિસની સામગ્રીના અધિકાર અંગે કોઈ જવાબદારી સ્વીકારતી નથી. કારણ કે તે દસ્તાવેજોની ચકાસણી વિના સંબંધિત વ્યક્તિઓની અરજી/એફિડેવિટ પર સંપૂર્ણપણે આધારિત છે.

VOL. LXVI] ગુરુવાર, 17મી જુલાઈ, 2025
અષાઢ 26, 1947 (અંક નં. 29)

ભાગ-૨ વિવિધ સૂચનાઓ અને જાહેરાતો

મારુ નામ (જૂનું નામ) પટણી અજયકુમાર રમણલાલથી બદલીને મારુ નામ (નવું નામ) અજયકુમાર રમણલાલ પ્રજાપતિ કરવામાં આવ્યું છે જે ગેઝેટ નોંધણી નંબર 25064237 અને ક્રમાંક 161 હેઠળ નોંધાયેલું છે.

સરનામું: ૧૩૧, ધર્મનગર સોસાયટી, હાઇવે રોડ, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫, ગુજરાત, ભારત.

**નામ-અટકમાં સુધારો**

ગુજરાત સરકાર ગેઝેટ ભાગ-૨
તારીખ ૦૪-૦૯-૨૦૨૫ (૩૨૯૮)

કેન્દ્રીય ગેઝેટ અને કેન્દ્રીય વિભાગના પૂરકના દરેક ભાગને અલગ પેજિંગ આપવામાં આવ્યું છે જેથી તેને અલગ સંકલન તરીકે ફાઇલ કરી શકાય છે.

સરકાર નોટિસની સામગ્રીના અધિકાર અંગે કોઈ જવાબદારી સ્વીકારતી નથી. કારણ કે તે દસ્તાવેજોની ચકાસણી વિના સંબંધિત વ્યક્તિઓની અરજી/એફિડેવિટ પર સંપૂર્ણપણે આધારિત છે.

ભાગ. LXVI] ગુરુવાર, 04 સપ્ટેમ્બર, 2025
ભદ્ર 13, 1947 (અંક નં. 36)

ભાગ-૨ વિવિધ સૂચનાઓ અને જાહેરાતો

મારુ નામ (જૂનું નામ) પ્રજાપતિ આદિત્ય અજયકુમારથી બદલીને મારુ નામ (નવું નામ) આદિત્ય અજયકુમાર પ્રજાપતિ કરવામાં આવ્યું છે જે ગેઝેટ નોંધણી નંબર 25085929 અને ક્રમાંક 832 હેઠળ નોંધાયેલું છે.

સરનામું: ૧૩૧, ધર્મનગર સોસાયટી, હાઇવે રોડ, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫, ગુજરાત, ભારત.

# તંત્રી લેખ......

## પશ્ચિમ એશિયા કટોકટીઃ ટ્રમ્પ ફસાયા

૨૦10 માં પ્રશંસનીય ફિલ્મ "ફાસ ગયે રે ઓબામા" એક કોમેડી હતી, જે એક દુર્ઘટનામાંથી જન્મી હતી. તેની વાર્તા એક એનઆરઆઈની આસપાસ ફરતી હતી જે રાષ્ટ્રપતિ બરાક ઓબામાના કાર્યકાળ દરમિયાન અમેરિકામાં ઉદ્ભવેલા આર્થિક સંકટનો સામનો કરવા માટે ભારત પરત ફર્યો હતો. જેમ અમેરિકામાં મંદીએ તે સમયે સમગ્ર વિશ્વને પરેશાન કર્યું હતું, તેવી જ રીતે આજે સમગ્ર વિશ્વ ઈઝરાયલ દ્વારા શરૂ કરાયેલા અમેરિકાના ઈરાન પરના સંયુક્ત હુમલાથી પરેશાન છે. આ યુદ્ધ શરૂ થયાને એક મહિનાથી વધુ સમય વીતી ગયો છે, અને તે ક્યારે સમાપ્ત થશે તે કહેવું મુશ્કેલ છે.

જો અમેરિકાએ ઈઝરાયલને ટેકો ન આપ્યો હોત, તો આ યુદ્ધ પણ શક્ય ન બન્યું હોત. જોકે, એવું લાગે છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે પોતાના ઘમંડથી પ્રેરાઈને ઈરાનને વેનેઝુએલા સમજીને તેના પર હુમલો કર્યો અને તેણે મેળવેલી લશ્કરી ક્ષમતાના પ્રકાર અને હદને ધ્યાનમાં લીધા વિના તેના પર હુમલો કર્યો. તેઓ એ પણ સમજવામાં નિષ્ફળ ગયા કે ઈરાન પડોશી દેશો પર હુમલો કરીને અને હોર્મુઝ સીવેને અવરોધિત કરીને પરસેવો પાડી દેશે. તે હાલમાં તે જ કરવા સક્ષમ છે, અને ટ્રમ્પ આ યુદ્ધમાંથી કેવી રીતે બહાર નીકળવું તે અંગે ખોટમાં છે.

એક તરફ, તે સૌથી શક્તિશાળી શાસક અને વિશ્વનો નીતિનિર્માતા હોવાનો બડાઈ મારે છે, અને બીજી તરફ, તેણે હોર્મુઝ સીવે ખોલવા માટે ઈરાનને અનેક વિસ્તરણ આપીને પોતાની નબળાઈ છતી કરી છે. જો તેમની સેના એટલી શક્તિશાળી છે, તો ઈરાનની હડતાલ ક્ષમતા કેમ ઓછી થવાના કોઈ સંકેત દેખાઈ રહી નથી? તેઓ એવી મિસાઈલો છોડી રહ્યા છે જેણે અમેરિકા અને ઈઝરાયલ બંનેને સ્તબ્ધ કરી દીધા છે. ટ્રમ્પ ક્યારેક ઈરાનને પાષાણ યુગમાં પાછા મોકલવાની ધમકી આપે છે અને ક્યારેક તેની સાથે શાંતિ વાટાઘાટો શરૂ કરે છે.

ઈરાને ટ્રમ્પના શાંતિ વાટાઘાટોના પ્રસ્તાવને નકારી કાઢ્યો એટલું જ નહીં, પણ તેની મજાક પણ ઉડાવી. ઈરાન પણ વળતો ધમકીઓ આપી રહ્યું છે. ટ્રમ્પે ઈરાન પર હુમલો કરતા કહ્યું કે તે શાસન પરિવર્તન દ્વારા ઈરાનની પરમાણુ શસ્ત્ર ક્ષમતાને ખતમ કરવા માંગે છે.

ઈરાનમાં શાસન પરિવર્તનના કોઈ સંકેત નથી, ભલે તેના સુપ્રીમ લીડર ખામેની સહિત ઘણા વરિષ્ઠ લશ્કરી અધિકારીઓ માર્યા ગયા હોય. એ કહેવું પણ મુશ્કેલ છે કે તેના પરમાણુ પ્લાન્ટ્સને યુએસ અને ઈઝરાયલી હુમલાઓથી એટલું ગંભીર નુકસાન થયું છે કે તે ફરી ક્યારેય પરમાણુ શસ્ત્રો બનાવી શકશે નહીં.

ટ્રમ્પ, જે પોતાની ટેરિફ નીતિના સળિયાથી વિશ્વ પર રાજ કરે છે, તે ન તો ગલ્ફ દેશોને ઈરાનના હુમલાઓથી બચાવી શકે છે કે ન તો તેના સાથી દેશો, કે નાટોને પણ આ યુદ્ધમાં તેમને ટેકો આપવા માટે રાજી કરી શકે છે. તેના સાથીઓ પણ સહયોગ કરવામાં અનિચ્છા ધરાવે છે કારણ કે, થોડા સમય પહેલા, તેણે ગ્રીનલેન્ડને જોડવાની ધમકી આપી હતી. ઈરાને તણાવનું વાતાવરણ ઉભું કર્યું છે કે દુનિયા ટ્રમ્પની ઈચ્છા મુજબ બનશે, અને અન્ય દેશોએ તેમની જીદ સામે ઝૂકવું પડશે.

ટ્રમ્પ શાંતિના રાષ્ટ્રપતિ હોવાનો દાવો કરી રહ્યા છે અને સાત કે આઠ યુદ્ધો અટકાવી ચૂક્યા છે, પરંતુ તેમની પાસે કોઈ જવાબ નથી કે તેઓ રશિયા-યુક્રેન યુદ્ધને કેમ રોકી શક્યા નહીં, જે મુદ્દા પર તેમણે સૌથી વધુ પ્રેક્ટિસ કરી હતી. શાંતિના સ્વ-ઘોષિત મસીહા તરીકે, તેઓ નોબેલ પુરસ્કાર માટે લાયક હોવાનો દાવો કરે છે અને તે પ્રાપ્ત કરવામાં પોતાની નિષ્ફળતાનો અફસોસ કરે છે. જો કે, તેમણે સમગ્ર વિશ્વને ફક્ત અસ્થિર અને વિક્ષેપિત કર્યું છે. તેઓ તેમના સાથીઓ કરતાં પણ વધુ ખરાબ રીતે તેમના વિરોધીઓ સાથે વ્યવહાર કરવા ટેવાયેલા છે.

ટ્રમ્પ ઈચ્છે છે કે આખી દુનિયા તેમને સલામ કરે, પરંતુ તે આ પ્રાપ્ત કરવા માટે ગુંડાગીરી અને ધમકીઓનો આશરો લે છે. આ કારણોસર, તેઓ આદર અને સન્માનને લાયક નથી અને હોઈ શકતા નથી. ટ્રમ્પ એક અવિશ્વસનીય અને અસ્તવ્યસ્ત શાસક છે, જે તેમના વચનોથી પાછા ફરવામાં, મનસ્વી રીતે વર્તવામાં અને જૂઠું બોલવામાં માહિર છે. તેઓ વિશ્વની દરેક સમસ્યાનો ઉકેલ હોવાનો ડોળ કરે છે, પરંતુ પશ્ચિમ એશિયા કટોકટી તેમના માટે કાંટો બની ગઈ છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૧૯૨૦નો કડાકોઃ સોનાના વાયદામાં રૂ.૩૦૧૧ અને ચાંદીના વાયદામાં રૂ.૧૪૩૨૩નો તીવ્ર ઉછાળો


## કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૫૦૦૯.૩ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૯૩૬૪૧.૧૯ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૩૨૯૩.૩૩ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૬૮૧૩ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૨૮૬૫૦.૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૫૦૦૯.૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૯૩૬૪૧.૧૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૬૮૧૩ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૫૩૮૨.૧૨ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૩૨૯૩.૩૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૩૫૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૪૯૩૪ અને નીચામાં રૂ.૧૫૨૬૯૩ના મથાળે અથડાઈ, રૂ.૧૫૦૨૮૯ના આગલા બંધ સામે રૂ.૩૦૧૧ના ઉછાળા સાથે રૂ.૧૫૩૩૦૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૨૭૫૪ વધી રૂ.૧૨૨૫૮૦ થયો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૩૪૧ની તેજી સાથે રૂ.૧૫૩૫૬ના ભાવે બોલાયો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૨૭૦ની વૃદ્ધિ સાથે રૂ.૧૫૨૦૦૩ થયો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૦૯૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૩૬૯૭ અને નીચામાં રૂ.૧૫૦૯૯૯ના મથાળે અથડાઈ, રૂ.૧૪૯૦૨૩ના આગલા બંધ સામે રૂ.૩૪૩૧ની તેજી સાથે રૂ.૧૫૨૪૫૪ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૪૦૬૦૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૪૬૩૭૬ અને નીચામાં રૂ.૨૪૦૬૦૧ના મથાળે અથડાઈ, રૂ.૨૩૧૩૪૮ના આગલા બંધ સામે રૂ.૧૪૩૨૩ના ઉછાળા સાથે રૂ.૨૪૫૬૭૧ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૧૪૪૬૩ ઊછળી રૂ.૨૪૮૩૧૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૧૪૪૪૮ની તેજી સાથે રૂ.૨૪૮૪૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૭૮૭.૩૦ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો રૂ.૨૬.૫ વધી રૂ.૧૧૮૬.૦૫ થયો હતો. જસત એપ્રિલ વાયદો રૂ.૧.૩૫ વધી રૂ.૩૩૦.૩૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો રૂ.૧ ઘટી રૂ.૩૫૪.૭૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું એપ્રિલ વાયદો ૩૦ પૈસા ઘટી રૂ.૧૯૫.૫ના સ્તરે પહોંચ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૮૮૩૬.૫૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી એપ્રિલ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૭૨૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૯૪૭ અને નીચામાં રૂ.૪૭૨૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૬ વધી રૂ.૪૮૪૨ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.૧૦૨૪૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૨૪૩ અને નીચામાં રૂ.૮૭૪૯ના મથાળે અથડાઈ, રૂ.૧૦૬૬૯ના આગલા બંધ સામે રૂ.૧૯૨૦ના ભાવઘટાડા સાથે રૂ.૮૭૪૯ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૧૯૨૦ ઘટી રૂ.૮૭૪૭ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો




એમએમબીટીયુદીઠ રૂ.૧૪ ઘટી રૂ.૨૫૫.૮ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો રૂ.૧૩.૮ ઘટી રૂ.૨૫૬.૨ થયો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૧૦૫૧ના ભાવે ખૂલી, રૂ.૪.૨ ઘટી રૂ.૧૦૧૯ના સ્તરે પહોંચ્યો હતો. કોટન એપ્રિલ વાયદો રૂ.૧૧૦ ઘટી રૂ.૨૮૫૦૦ થયો હતો. એલચી એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૨૫૭૦ના ભાવે ખૂલી, રૂ.૧૭ વધી રૂ.૨૬૬૯ના સ્તરે પહોંચ્યો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૬૦૭૮.૭૩ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૭૨૧૪.૬૦ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ. ૧૯૬૩.૪૦ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૮૮.૯૨ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૩.૧૮ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૪૧૫.૦૦ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૩૪.૯૩ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૭૧૨૭.૦૪ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૬૭૪.૫૯ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૭.૦૭ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૦૭ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૮૧ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૮૨૩૦ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૪૯૨૧૨ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૪૯૮૨ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૬૮૪૭૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૪૬૩૧ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૬૯૯૩ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૯૩૮૩ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૭૫૪૭૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૪૭૯ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૫૬૩૩ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૧૮૧૮ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૬૮૧૩ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૬૮૧૩ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૬૮૧૩ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૦૪૦ પોઈન્ટ વધી ૩૬૮૧૩ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૦૫૯.૯ ઘટી રૂ.૧૮૫ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૭.૬૫ ઘટી રૂ.૧૦.૩ના ભાવે બોલાયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૧ વધી રૂ.૫૮૨ થયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૭૭.૫ વધી રૂ.૮૮૨ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫.૦૭ વધી રૂ.૧૯.૧૫ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૩૩૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ કોઈ ફેરફાર વગર રૂ.૪.૮૮ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૪૭૩.૮ ઘટી રૂ.૪૫૫.૮ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૭.૫ ઘટી રૂ.૧૦.૭૫ થયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૧૩.૫ વધી રૂ.૧૫૬૪.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૪૮૮.૫ વધી રૂ.૧૦૫૭૦ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૪૮.૫ વધી રૂ.૨૪૫.૩ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૫.૮૫ વધી રૂ.૧૪.૧૫ થયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૪૩.૫ ઘટી રૂ.૩૯૦ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૨૩ ઘટી રૂ.૧૮૨.૫ના ભાવે બોલાયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૧૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧.૭૮ ઘટી રૂ.૧૨.૨૭ના ભાવે બોલાયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૮૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૯૭.૧૫ વધી રૂ.૬૨૧.૪૫ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૫૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૫.૨ વધી રૂ.૧૧.૮૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૪૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૮૫.૫ ઘટી રૂ.૧૯૫૦.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૨૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૪૫૧.૫ ઘટી રૂ.૫૦૬૪ થયો હતો.

## ડોલરવાળા નિવેદન પર અભિનેતા રાજપાલને સલમાન ખાનની સલાહઃ પૈસા આપવાના જ છે તો મગજમાં રાખો

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

છેલ્લા દિવસોમાં એક્ટર રાજપાલ યાદવ ચેક બાઉન્સ અને લોન મામલે ખૂબ ચર્ચામાં રહ્યો. તેને જેલમાં પણ જવું પડ્યું હતું. હવે તાજેતરમાં જ એક એવોર્ડ શોમાં તેમના લોન ચૂકવણીના મુદ્દાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. રાજપાલની ક્લિપ ખૂબ વાઈરલ થઈ છે. હવે તેના પર સલમાન ખાને ટ્વિટ કર્યું છે. સલમાને રાજપાલની પ્રશંસા કરી અને લખ્યું કે તમને ખૂબ કામ મળશે. સલમાને તેને સલાહ પણ આપી કે, 'પૈસા આપવાના જ છે તે મગજમાં રાખો અને દિલથી કામ કરો.'સલમાન ખાને ટ્વિટ કર્યું છે કે, 'રાજપાલ ભાઈ તમે ૩૦ વર્ષથી કામ કરી રહ્યા છો અને અમે બધાએ તમને વારંવાર રિપીટ કર્યા છે કારણ કે તમે તમારું કામ જાણો છો અને એક વેલ્યૂ લાવો છો. તમને ખૂબ કામ મળશે, આ જ ડૉલર રેટ પર મળશે અને મળતું રહેશે. આ હકીકત છે. એ યાદ રાખજો કે, ક્યારેક-ક્યારેક ફ્લોમાં કંઈક નીકળી આવે છે, પૈસા આપવાના જ છે તો મગજમાં રાખો અને દિલથી કામ કરો. ડોલર ઉપર હોય કે નીચે શું ફરક પડે, આપવાના તો ઈન્ડિયામાં જ છે.'શું હતો સમગ્ર મામલો? તાજેતરમાં એક એવોર્ડ ફંક્શન યોજાયું હતું. આ ઈવેન્ટ વચ્ચે ઓઈલ ક્રાઈસિસ અને યુદ્ધનો મુદ્દો છેડાયો. આ અંગે રાજપાલ યાદવે કહ્યું કે, 'વિશ્વમાં ઘણું બધુ થઈ રહ્યું છે. આટલા યુદ્ધ ચાલી રહ્યા છે. હું રૂપિયા-ડોલરના ઉતાર-ચઢાવ કેવી રીતે સમજાવું. શું થઈ રહ્યું છે એ સમજાઈ નથી રહ્યું. હું માત્ર શાંતિ ઈચ્છું છું.'આ દરમિયાન એક વરિષ્ઠ પત્રકારે અભિનેતા રાજપાલ યાદવ પર વ્યંગાત્મક ટિપ્પણી કરી. તેમણે રાજપાલ સાથે જોડાયેલા લગભગ ૯ કરોડના કાનૂની મામલાનો ઉલ્લેખ કર્યો, જે સાંભળીને હાજર લોકો આશ્ચર્યચકિત થઈ ગયા. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે. જેમાં પત્રકાર કહે છે કે, ચલણમાં કેટલો પણ ફેરફાર થાય, પરંતુ બાકી રકમ તો ચૂકવવી જ પડશે. આ ટિપ્પણી બાદ રાજપાલ થોડા સમય માટે ચોંકી ગયા હતા કારણ કે જાહેર મંચ પર આવા વ્યક્તિગત અને કાનૂની મુદ્દાનો ઉલ્લેખ કરવો યોગ્ય મનાતો નથી. આમ છતાં કાર્યક્રમમાં હાજર પ્રેક્ષકો આ ક્ષણને મજાક તરીકે માણતા જોવા મળ્યા અને હાસ્ય સાથે તાળીઓ પણ વાગી. પરંતુ આ વાત પર ભાઈજન ભડકી ગયા છે તેણે આ બાબતે હવે પ્રતિક્રિયા આપી છે.

## અકસ્માતો ટાળવા વાહનોમાં રેડિયમ રિફ્લેક્ટિવ ટેપ લગાવાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

રાજ્યમાં જાહેર માર્ગો ઉપર થતા માર્ગ અકસ્માતો ટાળવા અને ખાસ કરીને સાંજના સમયે કે રાત્રિના સમયે વાહનોમાં પાછળના ભાગે ટેલ લાઈટ કે રેડિયમ રિફ્લેક્ટર ન હોવાના કારણે પ્રાણઘાતક અકસ્માતોમાં નિર્દોષ નાગરિકો પોતાનો અમૂલ્ય જીવ ગુમાવતા હોય છે.

રાત્રિને સમયે થતા આવા પ્રાણઘાતક અકસ્માતો સામે માર્ગ સલામતી સુદ્રઢ કરવા ગુજરાત રોડ સેફટી ઓથોરિટી દ્વારા તારીખ ૭/૪/૨૦૨૬ થી સમગ્ર રાજ્યમાં આવેલ ૨૧૪ જેટલી ખેત બજાર સમિતિઓ (APMC) ખાતે જિલ્લા પ્રદેશિક વાહન વ્યવહાર અધિકારી (RTO) અને જિલ્લા ટ્રાફિક પોલીસના સહયોગથી વાહનોમાં રેડિયમ લગાવવાની ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવેલ છે. જે અંતર્ગત આજરોજ ગાંધીનગર જિલ્લાના માર્કેટયાર્ડ, રાંધેજા ખાતે ગુજરાત રોડ સેફટી ઓથોરિટીના કમિશનર સતીશ પટેલ અને ગાંધીનગર જિલ્લા પ્રદેશિક વાહન વ્યવહાર અધિકારીની ઉપસ્થિતિમાં રેડિયમ રિફ્લેકટર્સ લગાવવાનો પ્રારંભ કરવામાં આવેલ હતો.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર  ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ  - તારીખ મુજબ આવક માલ ભાવ -  બુધવાર, ૦૮/૦૪/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૯૩૮ | ૪૨૫.૦૦ | ૫૯૦.૦૦ |
| ૨ | મગફળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૫૦.૦૦ |
| ૩ | એરંડા | ૧૬૨ | ૧,૨૨૪.૦૦ | ૧,૨૫૬.૦૦ |
| ૪ | રાયડો | ૪૪ | ૧,૧૬૨.૦૦ | ૧,૨૯૩.૦૦ |
| ૫ | બાજરી | ૦ | ૪૦૦.૦૦ | ૪૪૦.૦૦ |
| ૬ | મકાઇ | ૨૮૫ | ૩૪૧.૦૦ | ૩૮૦.૦૦ |
| ૭ | ચણા | ૫૯ | ૧,૦૪૧.૦૦ | ૧,૧૫૧.૦૦ |
| ૮ | ચણા (કાબુલી ) | ૧૦૪ | ૧,૫૭૦.૦૦ | ૧,૬૬૧.૦૦ |
| ૯ | તમાકુ | ૩૨૪૦ | ૧,૩૦૦.૦૦ | ૧,૯૪૫.૦૦ |
| ૧૦ | તમાકુ (ગારીયુ) | ૫૬૦ | ૮૦૦.૦૦ | ૧,૧૩૫.૦૦ |

### ગામમાં બેનર લગાવી રિંગ રોડનો છ ગામોના લોકોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો

## મહેસાણાના તાવડિયામાં ૮૦ મીટર રિંગ રોડના વિરોધમાં ચૂંટણી બહિષ્કારની ચીમકી

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

મહેસાણા મનપા વિસ્તારના ડ્રાફ્ટ ડેવલપમેન્ટ પ્લાનમાં ૮૦ મીટર રિંગ રોડનો છ જેટલા ગામોએ વિરોધ કર્યો છે ત્યારે મંગળવારે તાવડિયાના ગ્રામજનોએ ચૂંટણી બહિષ્કારનું બેનર લગાવી વિરોધ ઉગ્ર કરી રિંગ રોડ તેમના ગામથી દૂર ખસેડવાની માંગ કરી છે. મહેસાણા મહાનગર પાલિકાની રચના બાદ તેમાં સમાવાયેલાં ૨૪ ગામો સહિતના વિસ્તારનો ડ્રાફ્ટ ડેવલપમેન્ટ પ્લાન સરકારમાં મંજૂર કરાવીને જાહેર કરાયો છે. જેમાં નવા ભળેલા ગ્રામ્ય વિસ્તારોમાં પહોળા ડીપી રોડ ઉપરાંત હયાત ૬૦ મીટર બાયપાસને ૮૦ મીટરનો તેમજ તેની સાથે પૂર્વ વિસ્તારમાંથી નવો ૮૦ મીટર રોડ મુકીને રિંગ રોડ દર્શાવવામાં આવ્યો છે. આ ૮૦ મીટર રોડ જે ગામોમાંથી પસાર થાય છે તે પૈકીનાં તાવડિયા, દેલા, ઉચરપી, રામપુરા અને રૂપાલ ગામોમાં ખેડૂતોની જમીન છીનવાઈ જવાના મુદ્દે ભારે વિરોધ થઈ રહ્યો છે. ભારતમાલા સહિત વિવિધ પ્રોજેક્ટમાં જમીન ગઈ છે, મનપાના કારણે ૪૦ ટકા કપાત થાય છે અને હવે રિંગરોડમાં જમીન જતાં ટૂંકી જમીન ધરાવતા ખેડૂતોની આજીવીકા પણ છીનવાઈ જશે તેવો સૂર ગ્રામજનો વ્યક્ત કરી રહ્યા છે, ગ્રામજનો રિંગ રોડ દૂર ખસેડવાની માગણી સાથે ગામમાં સભાઓ કરીને વિરોધ નોંધાવી રહ્યા છે ત્યારે મંગળવારે તાવડિયા ગામમાં મનપાની આગામી ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી સાથેનાં બેનર લાગ્યાં હતાં અને ગ્રામજનોએ એકઠા થઈને ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. જેમાં ગામમાં કોઈપણ રાજકીય પક્ષોએ પ્રવેશ કરવો નહીં તેમ પણ કહીં દેવાયું છે. ૮૦ મીટર રિંગ રોડ દૂર ખસેડવા ઉપરાંત તેમણે ગામમાં મુકેલો ઈન્ડસ્ટ્રીયલ ઝોન રદ કરી એગ્રીકલ્ચર ઝોન મુકવાની માંગ પણ કરી છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

## આગામી બે મેચમાં એમએસ ધોની મેદાનમાં નહીં ઉતરે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

IPL 2026ની શરૂઆતમાં જ ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK)ની મુશ્કેલીઓ વધી ગઈ છે. ટીમને સતત ૩ મેચોમાં હારનો સામનો કરવો પડ્યો છે અને અત્યાર સુધી એક પણ જીત મળી નથી. બીજી તરફ ટીમના આઈકોન અને પૂર્વ કેપ્ટન એમએસ ધોની પિંડલી (Calf)ની ઈજા સામે ઝઝૂમી રહ્યો છે. ટૂર્નામેન્ટની શરૂઆતમાં ફ્રેન્ચાઈઝીએ જણાવ્યું હતું કે ધોની રિહેબિલિટેશનમાંથી પસાર થઈ રહ્યો છે અને પ્રથમ બે અઠવાડિયા સુધી મેદાન પર ઉતરી શકશે નહીં. આ મુજબ એમએસ ધોની ઓછામાં ઓછી ૩ મેચ રમી શકશે નહીં. પરંતુ હવે ચોથી મેચ પહેલા માહીની વાપસી પર વધુ એક અપડેટ સામે આવ્યું છે.

મહેન્દ્ર સિંહ ધોનીની ફિટનેસને લઈને ચિંતા યથાવત છે. ક્રિકબઝ રિપોર્ટ મુજબ ધોની હજુ પણ ઈજામાંથી બહાર આવવા માટે રિહેબિલિટેશન પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યો છે અને હજુ તે મેચ ફિટ નથી. સિઝનની શરૂઆતની ત્રણ મેચોમાં તેણે ટીમ સાથે મુસાફરી કરી ન હતી, જ્યારે ઘરેલુ મેચમાં પણ તે મેદાન પર ઉતર્યો ન હતો. ૪૪ વર્ષીય ધોની હાલમાં ચેન્નાઈમાં તેના પરિવાર સાથે છે અને ટીમના ફિઝિયો અને મસાજરની દેખરેખ હેઠળ રિકવરી કરી રહ્યો છે. થોડા દિવસો પહેલા તેણે નેટ્સ પર બેટિંગ સેશન પણ કર્યું હતું, પરંતુ ફૂલ ફિટનેસ મેળવવામાં હજુ સમય લાગશે.

રિપોર્ટ મુજબ, ધોનીને મેચ રમવા લાયક ફિટ થવામાં ઓછામાં ઓછું એક અઠવાડિયું હજુ વધુ લાગી શકે છે. આવી સ્થિતિમાં ૧૧ એપ્રિલ ૨૦૨૬ના રોજ એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ (ચેપોક)માં દિલ્હી કેપિટલ્સ સામેની હોમ મેચમાં માહી રમશે તેવી શક્યતા ઘણી ઓછી છે. ત્યારબાદ ૧૪ એપ્રિલે કોલકાતા નાઈટ રાઈડર્સ સામેની મેચમાં પણ તેના મેદાનમાં ઉતરવાની આશાઓ નબળી જ છે. ધોનીની ગેરહાજરીમાં CSKની શરૂઆત નિરાશાજનક રહી છે. પાંચ વખતની ચેમ્પિયન ટીમે હજુ સુધી કોઈ મેચ જીતી નથી, જે સિઝનની બીજી સૌથી લાંબી શરૂઆતી હારની શ્રેણી છે. ટીમને ધોનીના અનુભવ અને ફિનિશિંગ સ્કિલ્સની ઘણી જરૂર અનુભવાઈ રહી છે.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# આ છે ! વોર્ડ નં ૧૯ ના ભાજપના કોર્પોરેટર વિજય ચૌમાલની કરમ કુંડળી?

## જરૂરતમંદ રણછોડભાઈ દેવાસીને વ્યાજે આપેલા નાણાં પેટે BJP કોર્પોરેટર વિજય ચૌમાલ અને એના ભાગીદારે રૂપિયા ૧૫ લાખની સામે રૂપિયા પચ્ચીસ લાખ બોત્તેર હજાર વ્યાજ સાથે વસુલ કર્યા બાદ પણ પઠાણી ઉઘરાણી કરાતા રણછોડભાઈ દેવાસી આત્મહત્યા કરવા મજબૂર

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ગુજરાતના ડેપ્યુટી સી.એમ હર્ષ સંઘવી એક બાજુ વ્યાજ ખોરોની ખો ભૂલાવી વ્યાજે નાણાં લેનાર જરૂરિયાત મંદોને મદદરૂપ બની રહ્યા છે. ત્યારે દિવા નીચે અંધારું એમ એમની જ એટલેકે હર્ષ સંઘવીની BJP પાર્ટીના વોર્ડ નં.૧૯ ડુંભાલ-આંજણા ના સીટિંગ કોર્પોરેટર વિજય ચૌમાલ અને એના ભાગીદાર હરીશ ક્ષ્નાજી ચૌધરી વિરુધ્ધ ફરિયાદી રણછોડભાઈ દેવાસી એ સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં તા.૨૪/૦૧/૨૦૨૬ ના રોજ આપેલ ફરિયાદ માં જણાવ્યા મુજબ ફરિયાદી ને ધંધામાં ૧૫ લાખ રૂપિયાની જરૂર હોવાથી કોર્પોરેટર વિજયચૌમાલ ને એ અંગે વાત કરતાં કોર્પોરેટર વિજય ચૌમાલ અને એના ભાગીદાર હરીશ ક્ષ્નાજી ચૌધરી એ મળીને ફરિયાદી રણછોડભાઈ દેવાસી ને ૭% ( સાત ટકા) ના ઊંચા વ્યાજે અનુક્રમે તા.૧૮/૦૪/૨૦૨૨ ના રોજ રૂપિયા ૨ (બે) લાખ RTGS થી ફરિયાદીના ખાતામાં જમા કરાવ્યા હતા. ત્યારબાદ તા.૨૦/૦૪/૨૦૨૨ ના રોજ રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- (દસ લાખ) ત્યારબાદ તા.૦૩/૦૬/૨૦૨૨ ના બે ચેક રૂપિયા ૧,૭૦,૦૦૦/- અને રૂપિયા ૧,૩૦,૦૦૦/- ના આપેલ. આમ વિજય ચૌમાલ અને એના ભાગીદારે ફરિયાદી રણછોડભાઈ તેમજ તેમની પત્નીના ખાતામાં ટુકડે-ટુકડે જમા કરાવીને દર માસે ૭% (સાત ટકા) ઊંચા વ્યાજના હિસાબે દર માસે રૂપિયા ૧,૦૫,૦૦૦/- વ્યાજ પેટે ફરિયાદીએ ચૂકવવાના રહેશે. એવી રીતે રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- વિજય અને એના ભાગીદારે ફરિયાદીને ધંધામાં રકમ આપી હતી.

ત્યારબાદ ફરિયાદી રણછોડભાઈ દેવાસીએ રૂપિયા ૧૫ લાખની સામે કુલે રૂપિયા પચ્ચીસ લાખ બોત્તેર હજાર ની ચુકવણી કર્યા બાદ પણ વિજય ચૌમાલની પઠાણી ઉઘરાણી ચાલુ રહેતા તેમજ વિજય ચૌમાલ કોર્પોરેટરના નાતે ફરિયાદીને ખુલ્લી દાદાગીરી અને ધાકધમકી ભર્યા ફોન વારંવાર કરતો હોવાથી ફરિયાદી આખરે કંટાળીને આત્મહત્યા કરવા મજબૂર બનેલ છે. એ પ્રમાણેના ઓડિયો ફરતા થતાં જ ભાજપમાં ભૂકંપના આંચકા શરૂ થઈ ગયા છે અને વિજય ચૌમાલની ટિકિટ કપાવવાના એંધાણ બહાર આવી રહયા છે.

ત્યારે આવો એક નજર કરીએ વિજય ચૌમાલના ખરડાયેલા ભૂતકાળ ઉપર એમ કહેવાય છે કે આજથી દસ વર્ષ પહેલા ખખડધજ હોન્ડા લઈને ખભે ઝોલો નાંખી લઘર વઘર કપડાં પહેરી ફરનારો આ વિજય ચૌમાલ આજે એકાએક કરોડોનો માલિક કેવી રીતે બની ગયો? એ પણ ગંભીર તપાસનો વિષય છે.

આ એકાએક કરોડોનો માલિક બની ગયેલો વિજય ચૌમાલ હવે ગેરકાનૂની રીતે ઊંચા વ્યાજે નાણાં આપતો હોવાની ઉપરોકત ફરિયાદમા તમામ વિગતો ફરિયાદી એ સલાબતપુરા પોલીસમા લેખિત આપી છે ત્યારે ડેપ્યુટી સી.એમ હર્ષ સંઘવી એ વ્યાજ ખોરો વિરુધ્ધ ચલાવેલી ઝુંબેશ શું વિજય ચૌમાલ વિરુધ્ધ પણ ચાલુ રાખી સૌનો સાથ સૌનો વિશ્વાસ એ સૂત્ર ને સાર્થક કરશે? કે પછી વિજય ચૌમાલ ના ગોડફાધર એવા RSS ના મોટા માથાઓની શરમમા આવી કુલડીમા ગોળ ભાંગશે?

આ વિજય ચૌમાલને RSS ના ગોડ ફાધર ટિકિટની ભલામણથી લઈને પોલીસ સ્ટેશનોમા પણ વિજય ચૌમાલનો બચાવ કરવા ઉતરી પડે છે. ત્યારે હવે જોવાનું એ છે કે ફરિયાદી રણછોડભાઈ દેવાસી ના કેસમા વિજય ચૌમાલ અને ભાગીદાર વિરુધ્ધ પોલીસ શું કાર્યવાહી કરે છે? એજ જોવું રહ્યું.

સુરત વોર્ડ નં.૧૯ ના કોર્પોરેટર વિજય ચૌમાલના આવા અનેક કાળા કરતૂતોની વધુ જન્મકુંડળી માટે વાંચતાં રહો....

# અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિના ધારાસભ્યોમાં સમાજ પ્રત્યે સમર્પણની ભાવનાનો અભાવ- જ્યોતિષ ચૌધરી

(છગનલાલા મેવાડા ધ્વારા) સુરત

તાપી જિલ્લાના સામાજિક આગેવાન અને નવી સિવિલ હોસ્પિટલના નિવૃત્ત એકાઉન્ટ ઓફિસર જ્યોતિષ એમ. ચૌધરીએ આદિવાસીઓની દિવસે-દિવસે કથળતી જતી આર્થિક સ્થિતિને લઈ ભારે વેદના વ્યક્ત કરેલ છે. તેઓએ આ અંગે અનુસૂચિત જનજાતિ નો લાભ લઈ ચૂંટાતા ધારાસભ્યો પ્રત્યે ભારે રોષ વ્યક્ત કરેલો છે. ગુજરાતમાં સમાજના નામે ચુંટાતા ધારાસભ્યો સમાજને ભૂલી જાય છે. તેઓમાં સમાજ પ્રત્યે સમર્પણ ની ભાવના નો અભાવ જોવા મળે છે. સરકારનું અનુસૂચિત જનજાતિના કલ્યાણ માટેના કરોડો રૂપિયા ક્યાં પગ કરી જાય છે તે સમજી શકાતું નથી. વર્ષો પહેલા અનુસૂચિત જનજાતિની જે સ્થિતિ છે તેમાં ખાસ કોઈ ફેર પડેલ નથી. અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ મહેનત કરી ગ્રેજ્યુએટ થાય તેઓને કોઈ રોજગાર મળતો નથી. હાલ આવા અનેક યુવાનો બેકાર છે. એસ.એસ.સી કે તેથી ઓછું ભણેલા યુવાન-યુવતીઓએ મજૂરી સિવાય કોઈ વિકલ્પ નથી. લાખોની સંખ્યામાં રાજ્ય સરકારમાં, બોર્ડ નિગમોમાં જગ્યાઓ ખાલી હોવા છતાં સરકાર કટકી મેળવવા માટે કોન્ટ્રાક્ટ સિસ્ટમ દાખલ કરી દીધેલ છે. જેના કારણે યુવાનોનું કોન્ટ્રાક્ટ હેઠળ કામ કરતા તેઓનું આર્થિક શોષણ થઈ રહેલ છે. સમાજ જાગૃત થાય અને સમાજ વચ્ચે સમર્પણની ભાવના ધરાવતા આગેવાનોને પોતાના પ્રતિનિધિ બનાવશે નહીં ત્યાં સુધી તેઓનો વિકાસ કે સ્થિતિમાં કોઈ ફેર પડશે નહીં. કારણ કે હાલના ધારાસભ્યો માત્ર તેઓના પોતાના વિકાસ માટે જ કામ કરી રહ્યા છે. જ્યારે આવી સ્થિતિ હોય ત્યારે સમાજના યુવાન-યુવતીઓનું કોણ વિચારશે?

# રાજયના બે આઈએએસ અધિકારીઓની કરાઈ બદલી : રાજકોટના ટી તીર્થાણી એડીશનલ રૂરલ ડેવલપમેન્ટ કમિશ્નર તરીકે નિયુકત

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાત સરકારના સામાન્ય વહિવટ વિભાગ દ્વારા વહિવટી તંત્રમાં ફેરફાર કરતા બે આઈએએસ અધિકારીઓની બદલીના આદેશો જારી કરવામાં આવ્યા છે. રાજય ચાલી રહેલી વહિવટી પ્રક્રિયાઓના ભાગરૂપે આ આદેશો અમલી બનાવવામાં આવ્યા છે.

ખેડા- નડીયાદના સુપરન્યુમરરી અધિક કલેકટર તરીકે ફરજ બજાવતા અવની વોરાની બદલી કરવામાં આવી છે. તેમની સેવાઓ હવે આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગને સોંપાઈ છે. તેઓ ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય આરોગ્ય મિશન (એનએચએમ) માં પ્રોગ્રામ ઓફીસર (એડમીન) તરીકે જવાબદારી સંભાળશે, આ સાથે જ આઈએએસ અધિકારી પી ડી પલસાણાને આ પદના વધારાના ચાર્જમાંથી મુકત કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૧ ની બેચના આઈએએસ અધિકારી અને રાજકોટના સુપરન્યુમરરી અધિક કલેકટર તરીકે કાર્યરત ટેકચંદ તીર્થાણીની પણ બદલી કરવામાં આવી છે. તેમને હવે ગાંધીનગર ખાતે અધિક ગ્રામિણ વિકાસ કમિશ્નર તરીકે નિયુકત કરવામાં આવ્યા છે. તેઓની નિમણુંક થતા આઈએએસ બી એમ પ્રજાપતિને આ પદના વધારાના ચાર્જમાંથી મુકિત મળી છે.

આ બદલીઓને પગલે વહિવટી સ્તરે ગ્રામિણ વિકાસ અને આરોગ્ય વિભાગને કામગીરીમાં ગતિ આવશે તેવુ માનવામાં આવી રહ્યુ છે.

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ અગાઉ ગુજરાત ભાજપમાં મોટો ભુકંપ : દાહોદ, મોરબી, પાટણ બાદ સુરેન્દ્રનગરમાં પણ મોટી સંખ્યામાં ભાજપની ફોજ કોંગ્રેસમાં જોડાઈ

## દાહોદ ભાજપમાં ગાબડુ : ભ્રષ્ટાચારના ગંભીર આરોપો : સુરેન્દ્રનગરમાં કોળી સમાજના નેતાનુ ૫૦ કાર્યકરો સાથે જોડાણ : મોરબીમાં મુકેશ ગામીની ઘરવાપસી

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ જેમ જેમ નજીક આવી રહી છે. તેમ તેમ રાજકીય માહોલ વધુ ગરમાઈ રહ્યો છે. અત્યારે સત્તાધારી પક્ષ ભાજપને એક પછી એક મોટા ઝટકા લાગી રહ્યા છે. જયારે પ્રદેશ કોંગ્રેસમાં જાણે નવો પ્રાણ ફુંકાયો હોય અને મોટો ભરતી મેળો ચાલતો હોય તેવુ ચિત્ર ઉભુ થયુ છે. દાહોદ, મોરબી અને પાટણ જિલ્લા બાદ હવે સુરેન્દ્રનગરમાં પણ ભાજપના અનેક જુના અને જાણીતા ચહેરાઓએ પક્ષપલ્ટો કરીને કોંગ્રેસનો ખેસ ધારણ કરી લીધો છે. કયાંક નેતાઓ સરકારી યોજનાઓમાં ભ્રષ્ટાચારના ગંભીર આરોપો લગાવીને પાર્ટી સાથે છેડો ફાડી રહ્યા છે. તો કયાંક ભાજપની તાનાશાહી નીતિઓથી કંટાળીને તો વળી કયાંક ભાજપના મંત્રીઓ વહિવટદારોના ઈશારે કામ કરતા હોવાની ફરીયાદો તેમજ અનેક લાગણીઓને કારણે નેતાઓની કોંગ્રેસમાં ઘરવાપસી થઈ રહી છે. એક સાથે આટલા બધા જિલ્લાઓમાં થયેલો આ પક્ષપલ્ટો ભાજપ માટે મોટી ચિંતાનો વિષય બની ગયો છે. સૌથી પહેલા વાત કરીએ તો દાહોદ જિલ્લાની દાહોદ જિલ્લા ભાજપમાં મોટુ ગાબડુ પડયુ છે. જાખલીયા જિલ્લા પંચાયત બેઠકના ભાજપના પૂર્વ સભ્ય મહેશ મછાર અને ઘોડીયા ગામના પૂર્વ સરપંચ મોહન ડામોર બંને કોંગ્રેસમાં જોડાઈ ગયા છે. કોંગ્રેસમાં આવતાની સાથે જ મહેશ મછારે ભાજપના નેતાઓ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે નલ સે જલ અને મનરેગા જેવી સરકારી યોજનાઓમાં ભાજપના મંત્રીઓ અને ધારાસભ્યો પર મોટા પાયે ભ્રષ્ટાચાર કર્યા હોવાનો સનસનીખેજ આરોપ લગાવ્યો છે. સાથે જ તેમણે જણાવ્યુ હતુ કે આદિવાસી સમાજના પ્રશ્નોને સાચો અવાજ આપવા માટે જ તેમણે ભાજપને અલવિદા કહીને કોંગ્રેસની વિચારધારા અપનાવવાનો નિર્ણય લીધો છે.

દાહોદ બાદ સુરેન્દ્રનગરમાં પણ ભાજપને મોટુ નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. લીંબડી તાલુકાના નાના ટીંબલા, અંકેવાડીયા સહિતના ગામોના આગેવાનો અને ૫૦ થી વધુ યુવા કાર્યકર્તાઓ ભાજપ છોડીને કોંગ્રેસમાં જોડાયા છે. ખાસ કરીને જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય અને પર ગામ કોળી સમાજના પ્રમુખ તેજાભાઈ મેટલીયાએ કોંગ્રેસનો હાથ પકડતા સ્થાનિક સમીકરણો બદલાયા છે. પૂર્વ ધારાસભ્ય અને સુરેન્દ્રનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ નૌશાદ સોલંકીએ તેમને વિધિવત રીતે પક્ષમાં આવકાર્યા હતા. કોંગ્રેસમાં જોડાયેલા નેતાઓએ ભાજપની વધતી જતી તાનાશાહી અને વિકાસ વિહીન નીતિઓ સામે ખુલ્લો અસંતોષ વ્યકત કર્યો હતો. તો બીજી તરફ મોરબી મહાનગરપાલિકાની ચુંટણી પહેલા પણ ભાજપને મોટો ફટકો પડયો છે. વર્ષ ૨૦૨૩ માં કોંગ્રેસ છોડીને ભાજપમાં ગયેલા મુકેશ ગામી એ ફરી એકવાર કોંગ્રેસમાં ઘરવાપસી કરી લીધી છે. તેઓ ૩૦ જેટલા કાર્યકર્તાઓની આખી ટીમ લઈને પાછા ફર્યા છે. કોંગ્રેસ નેતા મહેશ રાજપુત અને જિલ્લા પ્રમુખ નયનભાઈ અઘારાએ તેમને હર્ષભેર આવકાર્યા હતા, પોતાની આ ઘરવાપસી અંગે મુકેશ ગામી એ બહુ સુચક નિવેદન આપતા કહ્યુ હતુ કે ક્ષણભરનો ક્રોધ હંમેશા નુકશાન કરે છે, તેમણે જણાવ્યુ હતુ કે સ્વર્ગસ્થ કિશોરભાઈ ચીખલીયાની એવી લાગણી હતી કે તેઓ પક્ષમાં પાછા આવી જાય, તેથી તેમને સાચી શ્રધ્ધાંજલી આપવા માટે જ તેમણે ફરીથી કોંગ્રેસનો હાથ પકડયો છે.

આ સીલસીલો પાટણ જિલ્લામાં પણ જોવા મળ્યો છે. રાધનપુર તાલુકા પંચાયતના ભાજપના પૂર્વ ડેલીગેટ મઘાભાઈ ચૌધરી પણ કોંગ્રેસમાં જોડાઈ ગયા છે. મઘાભાઈનો પરીવાર ભાજપ સાથે ગાઢ રીતે જોડાયેલો રહ્યો છે. તેમની ટર્મ પુરી થયા બાદ તેમના પુત્રવધુ ભારતીબેન પણ કોલીવાડા જિલ્લા પંચાયત બેઠક પરથી ભાજપના ડેલીગેટ તરીકે રહ્યા ચુકયા છે. આમ સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ અગાઉ ગામડે ગામડે થી ભાજપના વરીષ્ઠ સ્થાનિક આગેવાનોનુ કોંગ્રેસ તરફ વળવુ એ દર્શાવે છે કે જમીની સ્તરે રાજકીય પવનની દિશા બદલાઈ રહી છે. મોટાભાગે હાલના મંત્રીઓની ફરીયાદો સમગ્ર રાજયમાં તાલુકા વિસ્તારોમાં ઉઠી રહી છે. ખુદ ભાજપના કાર્યકરો કહી રહ્યા છે કે મંત્રીઓ પોતાના વહિવટદારો રાખી કામ કરી રહ્યા છે. ત્યારે ભાજપમાં રહી કોઈ ફાયદો નથી. હવે ભાજપના અરમાન પુરા થઈ ગયા.

# વિડીયો એઆઈ થી બનાવેલો છે: હર્ષ સંઘવી અને મહેસાણા કેસ મુદ્દે ગોપાલ ઈટાલીયાનો મોટો દાવ

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતમાં હાલમાં ૧૫ મ્યુનિસીપલ કોર્પોરેશનો સહિત કુલ ૩૯૩ સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચુંટણીઓ ચાલી રહી છે. આ દરમિયાન રાજયમાં ફરી એકવાર આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા અને હર્ષ સંઘવી વચ્ચે રાજકીય તણાવ ભડકી ઉઠયો છે. મંગળવારે એક સોશીયલ મીડીયા પોસ્ટ માં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પર આકરા પ્રહારો કર્યા હતા. તેમના પર નીચલા સ્તરની રાજનીતીમાં સામેલ હોવાનો આરોપ લગાવ્યો હતો.

પોતાની પોસ્ટમાં ઈટાલીયાએ આરોપ લગાવ્યો હતો કે સંઘવીના પોલીસદળે તેમના ઘરે મુલાકાત લીધી હતી. જયાં તેઓએ તેમની માતા અને પરીવારના અન્ય સભ્યોને ડરાવ્યા હતા અને તેમની સાથે દુર્વ્યવહાર કર્યો હતો. ઈટાલીયાએ સવાલ ઉઠાવ્યો હતો કે શું ખેડુતના પુત્ર માટે રાજકારણમાં પ્રવેશ કરવો ગુન્હો બની ગયો છે. ઈટાલીયાની આ પોસ્ટે ત્યારબાદ મોટો વિવાદ ઉભો કર્યો છે.

આમ આદમી પાર્ટી નેતા ગોપાલ ઈટાલીયાએ આ પોસ્ટ મહેસાણા પોલીસ એક જુના કેસના સંદર્ભમાં વોરન્ટ બજાવવા માટે તેમના નિવાસસ્થાને ગયા બાદ કરી હતી, આ ઘટના બાદ એક વિડીયો વાયરલ થયો હતો. વિડીયોમાં ગોપાલ ઈટાલીયા જીતુ નામના વ્યકિત સાથે વાતચીત કરતા જોવા મળ્યા હતા. વાતચીતમાં કથિત રીતે તેમના ઘરે પોલીસની મુલાકાત અંગે ચર્ચા કરતા તેમને એવુ સુચન કરતા સાંભળવામાં આવ્યા હતા કે જો આવી ઘટના બનશે તો તેઓ સીધા ભાજપ પર દોષનો ટોપલો ઢોળશે, તેમણે અહેવાલ મુજબ ટીપ્પણી કરી હતી કે જો આવુ થશે તો તેનાથી કોઈ સમસ્યા ઉભી થશે નહી, આ વિડીયો સામે આવ્યા પછી તેમણે અગાઉ કરેલી સોશીયલ મીડીયા પોસ્ટ ની સઘન તપાસ કરવામાં આવી હતી. ગોપાલ ઈટાલીયાને જુઠા તરીકે લેબલ કરતી પોસ્ટ સોશીયલ મીડીયા પ્લેટફોર્મ પર વ્યાપકપણે ફરવા લાગી હતી, જો કે હવે ગોપાલ ઈટાલીયાએ આ વાયરલ વિડીયોને નકલી ગણાવ્યો છે. આ ઓડીયો કિલપ ધરાવતો વિડીયો પહેલાથી જ વારયલ થઈ ગયો છે. ફેસબુક પર લખતા ગોપાલ ઈટાલીયાએ આરોપ લગાવ્યો હતો કે તેમના પરીવાર સાથે દુર્વ્યવહાર કર્યા પછી સંઘવી હવે એઆઈ ટેકનોલોજીનો ઉપયોગ કરીને નકલી ઓડીયો / વિડીયો કિલપ બનાવીને પોતાના દુષ્કૃત્યોને ઢાંકવા માટે નીચલા સ્તરના દાવ પેચનો પ્રયાસ કરી રહ્યા છે. હાલમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આ બાબતે કોઈ પ્રતિક્રિયા આપી ન હતી. સુરત શહેર પોલીસે હજુ સુધી આ બાબતે કોઈ નિવેદન જારી કર્યુ નથી. જો કે હાલના ચુંટણી વાતાવરણ વચ્ચે આ મુદ્દો નોંધપાત્ર વેગ પકડી રહ્યો છે. રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ ચાલી રહી છે કે શું પોલીસ આ કેસમાં કોઈ કાર્યવાહી કરશે.

આમ આદમી પાર્ટીના પૂર્વ રાજય કન્વીનર ગોપાલ ઈટાલીયા હાલમાં જુનાગઢના વિસાવદર મતવિસ્તારના ધારાસભ્ય તરીકે સેવા આપે છે. એવી ધારણા છે કે પોલીસ કાનુની પરામર્શ બાદ આ મામલે કાર્યવાહી કરી શકે છે. કારણ કે ઈટાલીયાએ સમગ્ર ઘટનાક્રમમાં હર્ષ સંઘવી સામે ગંભીર આરોપો લગાવ્યા છે અને સાથે સાથે પોલીસને પણ કઠેડામાં ઉભી કરી છે.

# વડોદરા, મહેસાણા બાદ સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના ગોતા કંપા ના ગ્રામજનોએ ચુંટણીનો કર્યો બહિષ્કાર

## ચુંટણી ટાંણે જ તંત્ર સામે બાંહ્યો ચઢાવી : ગ્રામજનોએ પ્રાથમિક સુવિધા મુદ્દે કર્યો ચુંટણી બહિષ્કાર

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમેણ




રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનો માહોલ જોવા મળી રહ્યો છે. વડોદરા, મહેસાણા બાદ સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના ગોતાકંપાના ગ્રામજનોએ ચુંટણીનો બહિષ્કાર કરતા તંત્રમાં દોડધામ મચી જવા પામી છે. જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના ગોતાકંપા ગામમાં ચુંટણીના માહોલ વચ્ચે સન્નાટો અને રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોએ એક સુરે પોતાની પાયાની જરૂરીયાતો અને સ્વાસ્થ્ય ના જોખમો સામે અવાજ ઉઠાવીને આગામી ચુંટણીનો સંપૂર્ણ બહિષ્કાર કરવાની જાહેરાત કરી છે. ગામના રોડ રસ્તાઓ પર અત્યારે ન્યાય નહી તો વોટ નહી ના બેનરો અને સુત્રોચ્ચાર ગુંજી રહ્યા છે. ગ્રામજનોનો વિરોધ મુખ્યત્વે ગામની નજીક આવેલી વિસ્ફોટક પદાર્થ બનાવતી મેન્યુફેકચરીંગ ફેકટરીને તાત્કાલીક દુર કરવાની માંગ કરવામાં આવી છે. ગ્રામજનોના મતે આ ફેકટરીને કારણે પ્રદુષણ અને સુરક્ષાનુ મોટુ જોખમ ઉભુ થયુ છે. ગામના તળાવમાં સિંચાઈ માટે પાણી ભરવાની માંગ સાથે સિંચાઈ પાઈપલાઈનના ખોદકામ દરમિયાન જે નુકશાન થયુ છે તેનુ યોગ્ય વળતર આપવાની પણ માંગણી કરવામાં આવી છે. ગોતાકંપા થી લક્ષ્મીપુરા કંપા વચ્ચે લાંબા સમયથી પડતર પાકા રસ્તાની માંગણી હજુ સુધી સંતોષાઈ નથી, ગ્રામજનોનુ કહેવુ છે કે વારંવાર રજુઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નકકર કાર્યવાહી કરવામાં આવી નથી, જેના કારણે હવે તેમણે ચુંટણી બહિષ્કારનુ હથિયાર ઉગામ્યુ છે. ગ્રામજનોએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે જયાં સુધી તેમની માંગણીઓ પુરી નહી થાય ત્યાં સુધી કોઈપણ પક્ષના નેતાએ વોટ માંગવા ગામમાં પ્રવેશ કરવો નહી.

# કાલે ગાર્ડનમાં બહુ ચરબી કરતો હતો આજે તો તને પતાવી દેવાનો છે : આવુ કહીને યુવકે પોલીસ કોન્સ્ટેબલને માર માર્યો: અમદાવાદમાં પોલીસ પણ હવે સલામત રહી નથી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમેણ



છેલ્લા કેટલાક સમયથી ગુજરાતમાં પોલીસ પર હુમલાની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. એવામાં અમદાવાદમાં આ પ્રકારની વધુ એક ચોંકાવનારી ઘટના બહાર આવી છે. જેમાં એક યુવકે પોલીસ કોન્સ્ટેબલ સાથે અંગત અદાવત રાખીને પછી જે કર્યુ તેનાથી આખાય પોલીસબેડામાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

અમદાવાદમાં ફરજ પર રહેલા એક પોલીસ કોન્સ્ટેબલ સાથે ગાળા ગાળીની ઘટનાએ હિંસક વળાંક લીધો હતો. મળતી માહિતી મુજબ આરોપી યુવક પહેલા પોલીસકર્મી સાથે રોષ રાખતો હતો, ઘટનાના દિવસે યુવકે પોલીસ કોન્સ્ટેબલને અટકાવીને બેફામ ગાળો બોલવાનુ શરૂ કર્યુ હતું. વિવાદ વધતા યુવક ગુસ્સે ભરાઈ ગયો અને કોન્સ્ટેબલ પર દંડા વડે હુમલો કર્યો હતો. હુમલા દરમિયાન આરોપીએ ધમકી આપતા કહ્યુ હતુ કે કાલે ગાર્ડનમાં બહુ ચરબી કરતો હતો, આજે તો તને પતાવી દેવાનો છે, આ અચાનક હુમલાથી પોલીસકર્મી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. જેને તાત્કાલીક સારવાર માટે હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતા અન્ય પોલીસકર્મીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને આરોપીને ઝડપી લીધો હતો. પોલીસ દ્વારા આરોપી વિરૂધ્ધ સરકારી કર્મચારી પર હુમલો, ફરજમાં અવરોધ અને હત્યાના પ્રયાસ સહિતના ગંભીર ગુન્હાઓ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે.

અમદાવાદના શહેર કોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયેલી ફરીયાદ મામલે માહિતી આપતા ડીવાયએસપી રોશની સોલંકીએ ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં જણાવ્યુ હતું કે શહેર કોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આજે ૮ એપ્રિલ ૨૦૨૬ ના વહેલી સવારે ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસ કર્મચારીને માર માર્યો હોય તેવી ફરીયાદ દાખલ કરવામાં આવી છે. આ કેસમાં ફરીયાદી પોલીસ કર્મચારી છે, મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં પોતાની ફરજ બજાવે છે. રાત્રી દરમિયાન તે પોલીસ કર્મી સર્વેલન્સમાં કામ કરે છે, રાત્રી દરમિયાન પોલીસનુ પેટ્રોલીંગ ચાલી રહ્યુ હતું.

આ વિસ્તારના લોકોએ અગાઉ ફરીયાદ કરી હતી કે રાત્રે અહીં નોટોરીયસ પ્રવૃત્તિ ચાલતી હોવાની ફરીયાદ કરી હતી, જેને કારણે પોલીસે પેટ્રોલીંગ દરમિયાન પોલીસકર્મીએ આરોપી યુવક ગાર્ડન પાસે ફરતો હતો તેની પુછપરછ કરી હતી, આરોપીએ આ મુદ્દે પોલીસકર્મીને ઘાટમાં રાખ્યો હતો. બીજા દિવસે ફરીયાદી જયારે પોતાની ડયુટી પુરી કરીને જમવા જઈ રહ્યા હતા. ત્યારે આરોપીએ તે પોલીસકર્મી ઉપર લાકડાના ધોકા વડે હુમલો કર્યો હતો. જેમાં તેમને ગંભીર ઈજા થતા સહકર્મીઓએ તેમને સીવીલ હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયા હતા. ડીવાયએસપી રોશની સોલંકીએ વધુમાં જણાવ્યુ હતુ કે આ સમગ્ર મામલાની ફરીયાદ દાખલ કર્યા બાદ આરોપી વિરૂધ્ધ કડક તપાસ હાથ ધરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં અંગત અદાવત હોવાનુ બહાર આવ્યુ છે. હજુ પણ આ કેસની વધુ તપાસ ચાલી રહી છે. ફરીયાદીનુ નામ જયેશકુમાર નંદુભાઈ વસાવા છે. તેઓ અમદાવાદ પોલીસની સર્વેલન્સ શાખામાં ફરજ બજાવે છે. આરોપીનુ નામ છે જીતેન્દ્રસિંહ અનિરૂધ્ધસિંહ જાડેજા , મેઘાણીનગર વિસ્તારમાં જ રહે છે. આરોપીનો ગુન્હાહિત ઈતિહાસ છે કે કેમ તે અંગે તપાસ ચાલી રહી છે. અમદાવાદ પોલીસ સાથે બનેલી આ પ્રકારની ઘટના હાલ ટોક ઓફ ધ ટાઉન બની ગઈ છે.

## શાહીબાગ ફોરેન પોસ્ટ ઓફિસ ડ્રગ્સ કેસ

# ક્રાઈમ બ્રાન્ચ તપાસમાં નિષ્ફળ, કોર્ટે 'એ' સમરી મંજૂર કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શાહીબાગમાં આવેલી ફોરેન પોસ્ટ ઓફિસમાંથી કરોડો રૂપિયાનો નશીલો પદાર્થ મળી આવવાના ચકચારી કેસમાં સ્થાનિક પોલીસ અને તપાસ એજન્સીઓના હાથ ખાલી રહ્યા છે.

મહિનાઓ સુધી ચાલેલી તપાસ બાદ પણ ડ્રગ્સ મગાવનાર કે મોકલનારનો કોઈ પત્તો ન લાગતા આખરે સ્પે. એનડીપીએસ કોર્ટના જજ વી.બી.રાજપૂતે આ કેસમાં 'છ' સમરી (પડત સમરી) મંજૂર કરી છે.

નોંધનીય છે કે, દેશમાં સૌથી વધુ આતંકવાદીઓને ઝડપી લેવામાં ઝાંબાઝ ક્રાઈમ બ્રાન્ચ આ ડ્રગ્સ કેસમાં આરોપીને શોધી શકી નથી! ૨૦૨૪માં શાહીબાગ ફોરેન પોસ્ટ ઓફિસ(આયાત)ના કસ્ટમ એક્ઝામિનેશન ખંડમાં ફરજ પરના કસ્ટમ સુપરિન્ટેન્ડેન્ટે તપાસ હાથ ધરી હતી.

આ તપાસ દરમિયાન યુ.એસ., થાઈલેન્ડ અને કેનેડાથી પાર્સલ સર્વિસ દ્વારા મોકલવામાં આવેલા ૧૪ શંકાસ્પદ પાર્સલમાંથી વનસ્પતિજન્ય પદાર્થ અને કેસરી રંગનો ચીકણો બિનઅધિકૃત ગાંજો મળી આવ્યો હતો. જપ્ત કરાયેલા નશીલા પદાર્થમાં ૩ કિલો ૭૫૪ ગ્રામ ગાંજો જેની બજાર કિંમત ૧,૧૨,૬૨,૦૦૦ હતી. આ મામલે ક્રાઈમ બ્રાન્ચે ગુનો નોંધી તપાસ આરંભી હતી. આટલી મોટી માત્રામાં અને કરોડોની કિંમતનું ડ્રગ્સ વિદેશથી સીધું અમદાવાદના સરનામે પહોંચતું હોય ત્યારે સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા થાય છે. નવાઈની વાત એ છે કે, પોલીસે તપાસ માટે તમામ આધુનિક સંસાધનોનો ઉપયોગ કરવાનો દાવો કર્યો હતો. પોલીસના રિપોર્ટ મુજબ, સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ એનાલિસિસ કરવામાં આવ્યું હતું. ખાનગી બાતમીદારો અને પોસ્ટ ઓફિસના કર્મચારીઓની પૂછપરછ પણ કરવામાં આવી હતી. જોકે, મહિનાઓ સુધી ચાલેલી આ કવાયત અંતે 'શૂન્ય' સાબિત થઈ છે. પોલીસ ન તો ડ્રગ્સ મોકલનાર વિદેશી શખ્સો સુધી પહોંચી શકી છે, ન તો સ્થાનિક કક્ષાએ આ જથ્થો કોણે મગાવ્યો હતો તેની ઓળખ કરી શકી છે. એક કરોડથી વધુનું ડ્રગ્સ બિનવારસી હાલતમાં મળી આવે અને તેના મુખ્ય સૂત્રધારો પોલીસ પકડથી દૂર રહે, તે તપાસ એજન્સીઓની નબળી કડી અને મહિનાઓ સુધી ચાલેલી ઢીલી તપાસ તરફ આંગળી ચીંધે છે.

# ખાખીને લાગ્યા રાજકારણના અભરખાં : આઈપીએસ અધિકારીએ જિલ્લા પંચાયતની ચુંટણી લડવા છોડી દીધી સરકારી નોકરી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત પોલીસની નોકરી માટે વરસોની મહેનત સાથે સાથે બીજુ ઘણુ દાવ પર લગાવી નોકરી મળતી હોય છે અને તેમાં પણ આઈપીએસ બનીને દેશ માટે નોકરી કરવી તેની કિંમત તો આ ખુરશી માટે દોડતા, ભણતા વિદ્યાર્થીઓને જ ખબર છે , પણ જરા વિચાર કરો કે સત્તાની ખુરશી માટે કોઈ આ નોકરીને કેવી રીતે ત્યજી શકે ? શું આમા કોઈ ફાયદો ખરો ? અહી એ વાતને એકતરફ મુકીને વિચારવુ પડશે કે રાજકારણમાં નેતા સેવા કરવા આવે છે.

વાત આ અહીં એટલે કરી રહ્યા છીએ કે આજે ગુજરાત પોલીસમાં લાંબા સમય સુધી કામગીરી કરનારા આઈપીએસ અધિકારી મનોજ નિનામાએ સ્વેચ્છિક નિવૃત્તિ એટલે કે વીઆરએસ લઈને પોતાની સરકારી નોકરીને વય નિવૃત્તિ પહેલા જ ગુડબાય કરી દીધુ છે. જો કે વિગતો એવી મળી રહી છે કે તેઓ ભાજપ તરફથી પોતાના વતનમાં જિલ્લા પંચાયતની ચુંટણીમાં ઉમેદવારી કરવાના છે. જો કે વાતમાં કેટલુ સત્ય અને તથ્ય છે તે લાંબો ટાઈમ છુપુ પણ નહી રહે, થોડા દિવસોમાં ઉમેદવારોના નામ જાહેર થશે, ચુંટણી ફોર્મ ભરાશે વગેરે પ્રક્રિયાઓ દરમિયાન આ જાણકારી પણ લોકોની સામે આવી જશે, પરંતુ અહીં આ વાતે પોલીસ બેડાને જ નહી લોકોને પણ માથુ ખંજવાળતા કરી દીધા છે. લોકો અને પોલીસ બેડામાં ચર્ચા છે કે જિલ્લા પંચાયત લડવા તેમણે નોકરી છોડી દીધી, જો કે લોકોને અહીં સ્પષ્ટ થવાની પણ જરૂર છે કે આ તેમનો અંગત નિર્ણય છે. તેઓએ કોઈક વિચાર તો કર્યો હોઈ શકે છે, ચર્ચા છે કે જો તેઓ લોકોની સેવા કરવા રાજકારણમાં આવી રહ્યા છે તો લોકોના જીવન સુધરશે, કારણ કે એક ભણેલો નેતા મળવો એ પણ લોકો માટે પ્લસ પોઈન્ટ છે. પરંતુ લોકોની એ આશા જો ઠગારી નિવડે તો ?




અરવલ્લી જિલ્લાના જાબચીતરીયા ગામના વતની અને પૂર્વ આઈપીએસ અધિકારી મનોજ નિનામા પોતાના રાજીનામા બાદ પ્રથમવાર મીડીયા સમક્ષ આવ્યા હતા. ગાંધીનગર થી શામળાજી પહોચેલા નિનામાએ પોતાના નિવેદનમાં જણાવ્યુ હતુ કે તેમણે ૪૨ વરસની લાંબી સરકારી સેવા પુર્ણ કર્યા બાદ રાજીનામુ આપ્યુ છે. મનોજ નિનામાએ જણાવ્યુ હતુ કે સમાજનુ તેમના પર ઘણુ ઋણ છે અને હવે સમાજ માટે કંઈક કરવાની જવાબદારી સમજીને તેઓ જાહેર જીવનમાં વધુ સક્રિય બનવા માંગે છે. તેમણે સ્થાનિક સ્વરાજયની ચુંટણી અંગે પુછાયેલા પ્રશ્નના જવાબમાં જણાવ્યુ હતુ કે હજુ સુધી કોઈપણ રાજકીય પક્ષ દ્વારા સત્તાવાર સંપર્ક કરવામાં આવ્યો નથી, તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે અરવલ્લી જિલ્લો નવો જિલ્લો હોવાથી વિકાસ માટે ઘણી તકો છે અને જો તક મળશે તો જિલ્લાના વિકાસ માટે પોતાની જવાબદારી નિભાવશે. તેમના નિવેદનથી તેઓ ભવિષ્યમાં રાજકારણમાં પ્રવેશ કરી શકે તેવા સંકેતો મળ્યા છે. ઉલ્લેખનીય છે કે અગાઉ સેન્સ પ્રક્રિયા દરમિયાન મનોજ નિનામા ભાજપ કાર્યાલય ખાતે જોવા મળ્યા હતા. જેના કારણે રાજકીય વર્તુળોમાં વિવિધ અટકળો શરૂ થઈ હતી. જો કે આ મામલામાં જયારે જિલ્લા પંચાયત લડવા નોકરી છોડી હોવાની વાત આવતા તેમની સાથે મીડીયા એ વાતચીત કરી હતી. ત્યારે તેમણે અરવલ્લી જિલ્લાની વાત કરી હતી. પત્રકારોએ તેમને સ્પષ્ટ સવાલ કર્યો હતો કે ચુંટણી લડવાના છો ? તો તેમણે આ મામલે ઘણો લાંબો જવાબ આપ્યો હતો. પરંતુ તમને ટુંકામાં કહુ તો તેમણે કહ્યુ છે કે કોઈ સારી ઓફર આપશે તો રાજકારણમાં ઉતરીશ તેવુ તેમનુ કહેવુ હતું. મતદારોએ ખાસ કરીને મતદાન વખતે ના માત્ર સ્થાનિક સ્વરાજ પરંતુ દરેક પ્રકારના મતદાન વખતે થોડુ સ્વાર્થી થઈને મતદાન કરવુ રહ્યુ, કારણ કે રાજકારણમાં ભાઈ ભાઈનો નથી, કોઈ જ્ઞાતિનો નથી, કોઈ ધર્મ નો નથી, રાજકારણમાં તો બધા એક જ હોય છે પોલીટીશીયન.

## જિતેન્દ્ર કુમાર જયંતે આજે ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટૂરિઝમ કોર્પોરેશન અમદાવાદમાં સલાહકાર જનસંપર્કના પદ પર કાર્યભાર સંભાળ્યો છે

જિતેન્દ્ર કુમાર જયંતે આજે ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટૂરિઝમ કોર્પોરેશન અમદાવાદમાં સલાહકાર જનસંપર્કના પદ પર કાર્યભાર સંભાળ્યો છે.

તેમણે ભારતીય રેલવેમાં વર્ષ ૧૯૯૨માં સીધા જનસંપર્ક વિભાગમાં ઈંદોર ખાતે પદભાર સંભાળ્યો હતો. ત્યારબાદ જૂન ૧૯૯૬માં જનસંપર્ક અધિકારી તરીકે જયપુર મંડળમાં તેમની નિમણૂંક થઈ હતી.



ઉત્તર પ્રદેશના આગ્રાના મૂળ નિવાસી જયંતે સેન્ટ જૉન્સ કોલેજ, આગ્રામાંથી અર્થશાસ્ત્રમાં માસ્ટર ડિગ્રી તેમજ આગ્રા કોલેજ, આગ્રાથી કાનૂની સ્નાતક ડિગ્રી પ્રાપ્ત કરી હતી. ત્યારપછી કે.એમ. હિન્દી ઈન્સ્ટિટ્યૂટમાંથી માસ્ટર ઓફ માસ કમ્યુનિકેશનની ડિગ્રી મેળવ્યા બાદ તેમણે રેલવેમાં પ્રવેશ કર્યો હતો.

જયંતને IRCTC અમદાવાદમાં પુનઃનિયુક્તિના આધારે નિમણૂંક આપવામાં આવી છે. તેઓ ૩૧ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાંથી વરિષ્ઠ જનસંપર્ક અધિકારી ''ગ્રુપ A'' તરીકે સેવા નિવૃત્ત થયા હતા. જયંત હવે IRCTC અમદાવાદમાં પદભાર સંભાળ્યા બાદ નવી દિલ્હી સ્તર, મુંબઈ મુખ્યાલય સ્તર તેમજ અમદાવાદ ક્ષેત્રીય સ્તરે IRCTC દ્વારા જનહિતમાં કરવામાં આવતા કાર્યોને પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયા માધ્યમ થી સામાન્ય જનતા સુધી પહોંચાડવાનું કામ કરશે, જેથી સામાન્ય લોકોને યોગ્ય માહિતી અને ભરપૂર ફાયદા મળી શકે.

## આખરે મલ્લિકાર્જુન ખડગે એ નમતુ જોખ્યું : ગુજરાતીઓની માફી માંગતા કહ્યું મારો ઈરાદો ઠેસ પહોચાડવાનો ન હતો





Mallikarjun Kharge
@kharge

Show translation

Some remarks of mine in a recent election speech in Kerala are being deliberately misinterpreted. Even so, I express my sincere regret. It was never my intention to hurt the sentiments of the people of Gujarat for whom I have always had and will continue to have the highest of respe

हाल ही में केरल में दिए गए मेरे एक चुनावी भाषण की कुछ टिप्पणियों को जानबूझकर ग तरीके से पेश किया जा रहा है। फिर भी, मैं अपनी तरफ से जिम्मेदारी के साथ खेद व्यक्त करता हूँ। गुजरात के लोगों के प्रति मेरे मन में हमेशा सर्वोच्च सम्मान रहा है और हमेशा रहेगा। वहाँ के लोगों की भावनाओं को आहत करना मेरा कभी उद्देश्य नहीं था।

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

### મલ્લિકાર્જુન ખડગેના નિવેદનને લઈ સાબરકાંઠા જિલ્લા ભાજપ દ્વારા પણ ધરણાં યોજી માફી માંગવા કહેવામાં આવ્યું

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે એ તેમના તાજેતરના નિવેદનથી ઉભા થયેલા વિવાદનો અંત લાવવા માટે ગુજરાતીઓની જાહેર માફી માંગી છે. ગુજરાત ભાજપ અને સોશીયલ મીડીયા પર થયેલા ભારે વિરોધ બાદ ખડગે એ સોશીયલ મીડીયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટ મુકીને પોતાની દિલગીરી વ્યકત કરી છે.

મલ્લિકાર્જુન ખડગે એ પોતાની પોસ્ટમાં લખ્યુ હતુ કે હું મારા નિવેદન બદલ દિલ થી દિલગીરી વ્યકત કરૂ છું. મારો ઈરાદો કયારેય પણ ગુજરાતી ભાઈ બહેનોની લાગણીને ઠેસ પહોચાડવાનો હતો નહી, તેમણે વધુમાં ઉમેર્યુ હતુ કે તેમના શબ્દોનો ખોટો અર્થ કાઢવામાં આવ્યો હોય અથવા તેનાથી કોઈને દુઃખ થયુ હોય તો તેઓ ક્ષમાપ્રાર્થી છે. પોતાના સ્પષ્ટીકરણમાં કોંગ્રેસ અધ્યક્ષે જણાવ્યુ હતુ કે ગુજરાત એ મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલની ભુમી છે. આ રાજય માટે મને હંમેશા સૌથી વધુ આદર રહ્યો છે અને ભવિષ્યમાં પણ રહેશે. કોંગ્રેસ પક્ષ હંમેશા ગુજરાતના વિકાસ અને ગૌરવનો પક્ષઘર રહ્યો છે. ઉલ્લેખનીય છે કે ખડગે ના મુર્ખ અને અભણવાળા નિવેદન બાદ ગુજરાત ભાજપે આક્રમક વલણ અપનાવ્યુ હતું. સુરતમાં ભાજપ પ્રવકતા હેમાલી બોઘાવાલા સહિતના નેતાઓએ પ્રેસ કોન્ફરન્સ યોજી ખડગે પાસે માફીની માંગ કરી હતી. તો બીજી તરફ સાબરકાંઠા જિલ્લાના મહિલા મોરચા દ્વારા પણ પ્રેસ કોન્ફરન્સ યોજી ખડગે પાસે માફીની માંગ કરી હતી. ચારેય તરફથી ઘેરાયા બાદ અને આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓને ધ્યાનમાં રાખીને કોંગ્રેસ હાઈકમાન્ડે ડેમેજ કંટ્રોલ માટે આ માફી માંગી હોવાનુ રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે. હવે જોવાનુ એ રહેશે કે ખડગે ની આ માફી બાદ ગુજરાત ભાજપ અને જનતાનો રોષ શાંત પડે છે કે કેમ.

## ભાજપમાં જ ભુકંપ : પોતાની જ પાર્ટી વિરૂધ્ધ મેદાને પડયા મનસુખ વસાવા: ટીકીટ ફાળવણીના નિયમો સામે ઉઠાવ્યા સવાલો

### વહિવટદારો રાખી સરકાર ચલાવતા મંત્રીઓ ખુદ ભાજપના નેતાઓ અને કાર્યકરોને લુંટી રહ્યા છે તેઓને પહેલા દુર કરવા જોઈએ : ભાજપ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓને લઈને રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. ત્યારે ભારતીય જનતા પાર્ટીની અંદર જ ટીકીટ ફાળવણીના નવા નિયમોને લઈને મોટો આંતરીક વિખવાદ સપાટી પર આવ્યો છે. પ્રદેશ ભાજપના નેતૃત્વ અને ચુંટણી સમિતિના નિર્ણયો સામે પહેલીવાર ભાજપના જ વરીષ્ઠ સાંસદ મનસુખ વસાવાએ જાહેરમાં બળવો પોકાર્યો છે. વસાવાએ આશંકા વ્યકત કરી છે કે પાર્ટીએ બનાવેલા આ નવા નિયમોના કારણે ભાજપ જ ભાજપને હરાવશે, આ આંતરીક નારાજગી વચ્ચે એવી પણ શકયતા છે કે ભાજપ આજે બુધવારે મોડી રાત સુધીમાં પોતાના ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી દેશે. સાંસદ





મનસુખ વસાવાએ ખાસ કરીને એ નિયમ સામે ભારે આક્રોશ વ્યકત કર્યો હતો. જેમાં ૩ ટર્મ કે તેથી વધુ વખત ચુંટણી લડેલા ઉમેદવારોને ટીકીટ ન આપવાની વાત છે. તેમણે સીધો જ સવાલ ઉઠાવ્યો હતો કે જયારે લોકસભા અને વિધાનસભાની ચુંટણીઓમાં આવા કોઈ જ નિયમો નથી હોતા, તો પછી માત્ર સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં જ આ નિયમ શા માટે થોપી બેસાડવામાં આવ્યો છે? વસાવાએ સ્પષ્ણપણે કહ્યુ હતુ કે પાર્ટીમાં આ પ્રકારના નિયમો બિલકુલ ન હોવા જોઈએ, ભાજપના કાર્યકરો આમેય સરકારથી નારાજ છે. મંત્રીઓ વહિવટદારોને રાખી ખુદ ભાજપના નેતાઓ પાસેથી કટકી ઉઘરાવી રહ્યા છે અને સાથે સાથે આ નવો નિયમ ઠોકી બેસાડવામાં આવતા હવે ભાજપના નેતાઓ જ ભાજપને ઘર ભેગી કરશે.

જો કે તેમનુ માનવુ છે કે જો ૩ ટર્મ સુધી ચુંટણી લડનારા અને જીતનારા અનુભવી નેતાઓને ટીકીટ નહી અપાય તો તેઓ નિષ્ક્રિય થઈ જશે, જેના પરીણામે પાર્ટીને ભયંકર નુકશાન વેઠવાનો વારો આવશે, વસાવાએ એવો પણ દાવો કર્યો હતો કે ટીકીટ ફાળવણીના આ નવા અને કડક નિયમોને કારણે માત્ર કોઈ એક જ વિસ્તારમાં નહી પરંતુ સમગ્ર ગુજરાતભરમાં પાર્ટીના સીનીયર અને પાયાના કાર્યકરોમાં ભારે નિરાશા અને નારાજગી ફેલાઈ ગઈ છે. એક તરફ ટીકીટના નિયમોને લઈને પાર્ટીના દિગ્ગજો નારાજ છે. તો બીજી તરફ ઉમેદવારોની જાહેરાતને લઈને મોટા સમાચાર આવ્યા છે. ભાજપ આજે મોડી રાત્રે ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી શકે છે. સુત્રોના કહેવા પ્રમાણે દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, મહેસાણા, બનાસકાંઠા અને અરવલ્લી જિલ્લાના ઉમેદવારોના નામો પર ચર્ચાપૂર્ણ થઈ ચુકી છે. આથી પહેલી યાદીમાં આ બંને ઝોનના ઉમેદવારોના નામ હોવાની પ્રબળ શકયતા છે. આ અંગે પ્રદેશ કક્ષાએથી ટુંક સમયમાં જ જિલ્લાઓને ઉમેદવારોના નામની સત્તાવાર જાણ કરવામાં આવશે.

## પોલીસે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ અકસ્માતનો ગુનો નોંધ્યો

## આણંદના અજરપુરા પાસે અજાણ્યા વાહનની ટક્કરે ગામડીના બાઈકચાલકનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)આણંદ

આણંદ નજીક ગામડી ખાતે ત્રિકમનગર રેલવે ફાટક, હનુમાનજી મંદિર પાસે માતા સાથે રહેતો ૨૯ વર્ષીય પુત્ર રાત્રે આઠ વાગે ઘરેથી બાઈક લઈને માતાને આવું છું કહીને નીકળ્યો હતો. જે મોડીરાત્રે આણંદ તાલુકાના અજરપુરા શિવનગર રોડ ઉપર તેને અજાણ્યા વાહનચાલકે ટક્કર મારતાં બાઈકચાલક યુવકનું મોત નિપજ્યાની ફરિયાદ આણંદ રૂરલ પોલીસમથકમાં નોંધાઈ છે.

આણંદ નજીક ગામડી ખાતે ત્રિકમનગર રેલવે ફાટક હનુમાનજી મંદિર પાસે ભાનુંબેન વેલાભાઈ કચ્છી પોતાના ૨૯ વર્ષીય પુત્ર હીરાભાઈ કાંતિભાઈ ગોહેલ સાથે રહે છે અને ઘરકામ કરે છે.

હીરાભાઈ ગોહેલે ત્રણ વર્ષ અગાઉ છુટાછેડા લીધા હોવાથી માતા-પુત્ર સાથે રહેતા હતા અને પુત્ર હીરાભાઈ રીક્ષા ડ્રાઈવિંગ કરતા હતા. સોમવારે રાત્રિના આઠ વાગ્યાના અરસામાં ભાનુબેન પોતાના પુત્ર હીરાભાઈ સાથે ઘરે હાજર હતા ત્યારે હીરાભાઈ પોતાનું બજાજ પ્લેટીના બાઈક લઈને ઘરેથી આવું છું તેમ કહીને નીકળ્યા હતા.

બાદમાં મોડા સુધી ઘરે પરત આવ્યા ન હતા. જેથી માતા ભાનુબેને પુત્ર હીરાભાઈના મોબાઈલ ફોન ઉપર રાત્રે સવા દશ વાગે ફોન કરતાં કોઈ અજાણ્યા માણસે ફોન ઉપાડીને તેઓના દીકરાને અજરપુરા શિવનગર રોડ ઉપર કોઈ અજાણ્યા વાહને ટક્કર મારતાં અકસ્માત થયો હોવાનું જણાવ્યું હતું. જેથી ભાનુબેન પોતાના કુટુંબીજનો સાથે સ્થળ ઉપર પહોંચી ગયા હતા. જ્યાં તેઓના પુત્ર હીરાભાઈને ડાબી આંખ તથા કપાળ અને શરીરે ઈજાઓ પહોંચી હતી.

જેથી સારવાર માટે આણંદની જનરલ હોસ્પિટલમાં લાવવામાં આવતા ફરજ પરના ડોકટરે હીરાભાઈ ગોહેલને મરણ પામેલા જાહેર કર્યા હતા.

આ બનાવ અંગે ભાનુબેન વેલાભાઈ કચ્છીની ફરિયાદ લઈ આણંદ રૂરલ પોલીસે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ અકસ્માતનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## અમદાવાદ કોર્પોરેશનની ચુંટણીમાં કાચુ કપાયું: પ્રથમ ઉમેદવાર યાદીમાં અનેક ખામીઓ: કોંગ્રેસના ૩ ઉમેદવારોના નામ મતદાર યાદીમાંથી ગાયબ

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનની ચુંટણી માટે ગુજરાત કોંગ્રેસે ૫ અને ૬ એપ્રિલે પ્રથમ ઉમેદવારી યાદી જાહેર કરી હતી. આ યાદીમાં અમદાવાદના ૪૮ વોર્ડ માં થી ૩૨ વોર્ડ માટે કુલ ૯૨ થી ૯૩ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં ૪૨ મહિલા ઉમેદવારો સામેલ છે. પાર્ટીએ આ યાદીને મજબુત ગ્રાસરૂટ કાર્યકર્તાઓ અને અનુભવી ચહેરાઓને તક આપવાના રૂપમાં કરી છે.

જેમાં દરીયાપુર, દાણીલીમડા, અમરાઈવાડી અને ચાંદખેડા જેવા વોર્ડ માંથી કેટલાક બેઠક ધરાવતા કોર્પોરેટરને ફરીથી ટીકીટ આપવામાં આવી છે. પરંતુ યાદી જાહેર થતાની સાથે જ મોટો વિવાદ અને અગવડતાનુ વાતાવરણ સર્જાયુ છે.



ખાસ કરીને ચાંદલોડીયા , ઈન્દ્રપુરી અને નવરંગપુરા વોર્ડ ના અનેક ઉમેદવારોના નામ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનની વર્તમાન મતદાર યાદી માં નથી મળતા, આ તકનીકી ખામીને કારણે કોંગ્રેસની આંતરીક તૈયારી અને વ્યવસ્થાપન પર સવાલો ઉઠી રહ્યા છે. ચાંદલોડીયા વોર્ડમાં ૩, ઈન્દ્રપુરીમાં ૪ અને નવરંગપુરામાં ૩ ઉમેદવારોના નામ જાહેર કરાયા છે. પરંતુ આમાના કેટલાક ઉમેદવારોના નામ કોર્પોરેશનની વોટર લીસ્ટમાં અદ્રશ્ય થયા છે. ઉમેદવારી ફોર્મ ભરવા માટે ઉમેદવારનુ નામ હોવુ અથવા મતદારનો દાખલો જરૂરી છે. જો નામ ન હોય તો નોમીનેશન પેપર સ્વીકારવામાં આવી શકે નહી અથવા પછીથી કોર્ટમાં પડકારવામાં આવી શકે છે. આવી ભુલને કારણે કોંગ્રેસને આ ૩ વોર્ડમાં છેલ્લી ઘડીએ કેટલાક ઉમેદવારોને બદલવા પડી શકે છે. જે પાર્ટી માટે સમય અને સંગઠનાત્મક અગવડતા વધારશે.

સ્થાનિક કાર્યકર્તાઓ અને નેતાઓ આ સ્થિતિને વ્યંગાત્મક રીતે અંધેરી નગરી અને ગંડુ રાજા જેવા શબ્દોમાં વર્ણવી રહ્યા છે. તેઓ કહે છે કે પ્રથમ યાદી જાહેર કરતા પહેલા મુળભુત તપાસ પણ ન કરવામાં આવી, જે પાર્ટીની તૈયારી પર મોટો સવાલ ઉઠાવે છે.

કોંગ્રેસે દાવો કર્યો હતો કે આ યાદીમાં ગ્રાસરૂટ કાર્યકર્તાઓને પ્રાથમિકતા આપવામાં આવી છે અને કેટલાક જુના અનુભવી ચહેરાઓને પણ ટીકીટ આપવામાં આવી છે. પરંતુ પ્રથમ યાદીમાં જ આવી તકનીકી ભુલો બહાર આવતા પાર્ટીની આંતરીક વ્યવસ્થા અને સંકલન પર ટીકા થઈ રહી છે. ૨૦૨૬ ની ચુંટણી માટે મહત્વપૂર્ણ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. જાહેરનામુ ૬ એપ્રિલ ના રોજ બહાર પાડવામાં આવ્યુ છે. જેની સાથે જ એ જ દિવસે સવારે ૧૧ વાગ્યા થી નોમીનેશન ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ઉમેદવારો માટે નોમીનેશન ભરવાની છેલ્લી તારીખ ૧૧ એપ્રિલ સાંજે ૩ વાગ્યા સુધી નકકી કરવામાં આવી છે. જો કે સ્કુટી ની, ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ તેમજ મતદાનની તારીખો હજુ સુધી સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી નથી, જેને લઈને રાજકીય વર્તુળોમાં આતુરતા જોવા મળી રહી છે.

### ચુંટણીપંચે નકકી કરેલા ચુંટણી ખર્ચના ભાવ જોઈ ઉમેદવારો ચકરાવે ચડયા : ચુંટણીપંચ નુ અનોખુ રેટ કાર્ડ

## સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ચુંટણીપંચે મેનુ અને તેના ભાવ નકકી કર્યા : ચા ના ૧૦ રૂપીયા અને ભોજનના ૧૦૦ રૂપીયા

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીનુ રણસીંગુ ફુંકાઈ ચુકયુ છે. ઉમેદવારો ફોર્મ ભરવાની તૈયારી કરી રહ્યા છે, ત્યાં જ ચુંટણીપંચે ખર્ચના દરોની એક એવી યાદી જાહેર કરી છે. જેણે રાજકીય નેતાઓમાં ખળભળાટ મચાવી દીધો છે. ચુંટણીપંચે પ્રચારમાં વપરાતી ૧૫૦ થી વધુ વસ્તુઓના ભાવ ફીકસ કર્યા છે. પરંતુ આ ભાવ વાસ્તવિક બજાર ભાવ કરતા ઘણા ઓછા હોવાથી વિવાદ છેડાયો છે. ચુંટણીપંચે નકકી કરેલા ભાવો મુજબ, ઉમેદવાર જો કોઈને ચા પીવડાવશે તો તેના માત્ર ૧૦ રૂપીયા ગણાશે, નાસ્તાની પ્લેટ ના ૬૩ રૂપીયા, બપોરના ભોજનના ૧૦૦ રૂપીયા અને રાત્રિ ભોજનના ૧૧૦ રૂપીયા નકકી કરાયા છે. એટલુ જ નહી પ્રચાર માટે કાર નુ ભાડુ પ્રતિ કિલોમીટર માત્ર ૬ રૂપીયા અને સ્કુટરનુ ૩ રૂપીયા ગણવામાં આવશે, સભા માટે ખુરશીના ૧૦ રૂપીયા અને ઢોલ- નગારાના ૧ હજાર રૂપીયા જેવો ભાવ નકકી કરાયો છે.

ઉમેદવારો માટે ખર્ચની મર્યાદા જોઈએ તો જેમાં (૧) કાર નુ ભાડુ ૬ રૂપીયા કિલોમીટર (૨) સ્કુટરનુ ભાડુ ૩ રૂપીયા પ્રતિ કિલોમીટર (૩) નાસ્તાની એક પ્લેટ ૬૩ રૂપીયા (૪) ચા ની એક પ્યાલી ૧૦ રૂપીયા (૫) પાણીનો જગ ૩૦ રૂપીયા (૬) બપોરનુ ભોજન ૧૦૦ રૂપીયા (૭) રાત્રિનુ ભોજન ૧૧૦ રૂપીયા (૮) સભા માટે ખુરશી ૧૦ રૂપીયા (૯) ગાદલુ સેટ ૩૦ રૂપીયા (૧૦) ઢોલ નગારાના ૧ હજાર રૂપીયા (૧૧) કેશિયો પાર્ટીના ૨ હજાર રૂપીયા (૧૨) ફુલહારનો ભાવ ૫૦ રૂપીયા નકકી કરાયો છે.

કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે ચુંટણીપંચને મોંઘવારી કેમ દેખાતી નથી ? આ ભાવ યાદી સામે આવતા જ કોંગ્રેસે આક્રમક વલણ અપનાવ્યુ છે. કોંગ્રેસના નેતાઓનુ કહેવુ છે કે આ ભાવ કયા જમાનાના છે તે સમજાતુ નથી, આજે સામાન્ય નાસ્તો કે ભોજન પણ વ્યકિત દીઠ ૧૫૦ રૂપીયાથી ઓછુ નથી આવતુ, કારનુ ભાડુ ઓછામાં ઓછુ ૧૨ રૂપીયા પ્રતિકિલોમીટર છે, ચુંટણીપંચે વાસ્તવિકતાથી વેગળા ભાવ નકકી કર્યા છે. તો બીજી તરફ ભાજપે આ મામલે મીડીયા સામે કંઈપણ બોલવાનો ઈન્કાર કર્યો હતો.

**નામ-અટકમાં સુધારો**

ગુજરાત સરકાર ગેઝેટ ભાગ-૨
તારીખ ૧૭-૦૭-૨૦૨૫ (૨૩૦૪)

કેન્દ્રીય ગેઝેટ અને કેન્દ્રીય વિભાગના પૂરકના દરેક ભાગને અલગ પેજિંગ આપવામાં આવ્યું છે જેથી તેને અલગ સંકલન તરીકે ફાઇલ કરી શકાય છે.

સરકાર નોટિસની સામગ્રીના અધિકાર અંગે કોઈ જવાબદારી સ્વીકારતી નથી. કારણ કે તે દસ્તાવેજોની ચકાસણી વિના સંબંધિત વ્યક્તિઓની અરજી/એફિડેવિટ પર સંપૂર્ણપણે આધારિત છે.

VOL. LXVI] ગુરુવાર, 17મી જુલાઈ, 2025
અષાઢ 26, 1947 (અંક નં. 29)

ભાગ-૨ વિવિધ સૂચનાઓ અને જાહેરાતો

મારુ નામ (જૂનું નામ) પ્રજાપતિ ગીતાબેન રમેશકુમારથી બદલીને મારુ નામ (નવું નામ) ગીતાબેન અજયકુમાર પ્રજાપતિ કરવામાં આવ્યું છે જે ગેઝેટ નોંધણી નંબર 25064236 અને ક્રમાંક 160 હેઠળ નોંધાયેલું છે.

સરનામું: ૧૩૧, ધર્મનગર સોસાયટી, હાઇવે રોડ, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫, ગુજરાત, ભારત.

**નામ-અટકમાં સુધારો**

ગુજરાત સરકાર ગેઝેટ ભાગ-૨
તારીખ ૦૪-૦૯-૨૦૨૫ (૩૨૯૮)

કેન્દ્રીય ગેઝેટ અને કેન્દ્રીય વિભાગના પૂરકના દરેક ભાગને અલગ પેજિંગ આપવામાં આવ્યું છે જેથી તેને અલગ સંકલન તરીકે ફાઇલ કરી શકાય છે.

સરકાર નોટિસની સામગ્રીના અધિકાર અંગે કોઈ જવાબદારી સ્વીકારતી નથી. કારણ કે તે દસ્તાવેજોની ચકાસણી વિના સંબંધિત વ્યક્તિઓની અરજી/એફિડેવિટ પર સંપૂર્ણપણે આધારિત છે.

ભાગ. LXVI ) ગુરુવાર, 04 સપ્ટેમ્બર, 2025
ભદ્ર 13, 1947 (અંક નં. 36)

ભાગ-૨ વિવિધ સૂચનાઓ અને જાહેરાતો

મારુ નામ (જૂનું નામ) પ્રજાપતિ અનેરી અજયકુમારથી બદલીને મારુ નામ (નવું નામ) અનેરી અજયકુમાર પ્રજાપતિ કરવામાં આવ્યું છે જે ગેઝેટ નોંધણી નંબર 25085929 અને ક્રમાંક 831 હેઠળ નોંધાયેલું છે.

સરનામું: ૧૩૧, ધર્મનગર સોસાયટી, હાઇવે રોડ, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫, ગુજરાત, ભારત.